
નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date : 23 OCTOBER 2024 | WEDNESDAY | Page : 8 | Year : 2 | Issue :175 | Price: 2/-



પીપળીધામના સેવકે વિકૃતતાની હદ વટાવી ઘરમાં ઘૂસી સગીરાને બાથમાં ભીડી શરીરે અડપલાં કર્યા

જુઓ પેજ નં. ૧૦

# પીએમ મોદી રશિયામાં ચીનના રાષ્ટ્રપતિને મળશે

## ૨ વર્ષ પછી આજે મુલાકાત થશે, બંને નેતાઓ BRICS સમિટ માટે કઝાનમાં છે



નવી દિલ્હી, તા. ૨૩ઃ બુધવાર, ૨૩ ઓક્ટોબરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે દ્વિપક્ષીય મંત્રણા થશે. બંને નેતાઓ ૨ વર્ષ બાદ મળશે. ૨૦૨૦માં ગલવાન અથડામણ પછી સંબંધોમાં તણાવ પછી આ પ્રથમ વખત હશે જ્યારે મોદી અને જિનપિંગ વચ્ચે દ્વિપક્ષીય વાતચીત થશે. વિદેશ મંત્રાલયના સચિવ વિક્રમ મિસરીએ આ માહિતી આપી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બ્રિક્સ સમિટમાં ભાગ લેવા માટે મંગળવારે રશિયાના કઝાન શહેર પહોંચ્યા છે. અહીં તેમણે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે દ્વિપક્ષીય વાતચીત કરી. આ દરમિયાન બંને નેતાઓએ એકબીજાને ગળે લગાવ્યા હતા.

આ સાથે જ વડાપ્રધાન મોદીએ યુક્રેન યુદ્ધ પર ભારતનું વલણ જાળવી રાખ્યું હતું. તેમણે કહ્યું, "દરેક સમસ્યાનો શાંતિપૂર્ણ રીતે ઉકેલ લાવવો જોઈએ. રશિયા-યુક્રેન યુદ્ધ માત્ર વાતચીતથી જ અટકશે. ભારત સંઘર્ષને ઉકેલવામાં તમામ મદદ કરવા તૈયાર છે.

પીએમ મોદી છેલ્લા ૪ મહિનામાં બીજી વખત રશિયા ગયા છે. આ પહેલા જ્યારે તેઓ જુલાઈમાં રશિયા ગયા હતા ત્યારે તેમણે પુતિનને સલાહ આપી હતી કે બોમ્બ, બંદૂક અને ગોળીઓથી શાંતિ શક્ય નથી.

આ પહેલા મોદી જ્યારે એરપોર્ટ પર પહોંચ્યા ત્યારે લાડુ અને બ્રેડ અને મીઠું આપીને તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેઓ અહીં એનઆરઆઇને પણ મળ્યા હતા. આ પછી, કઝાનની હોટલ પર પહોંચીને તેણે ભારતીય પોશાક પહેરીને રશિયન કલાકારોનો ડાન્સ પણ જોયો. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર પીએમ મોદી બુધવારે બ્રિક્સની બેઠકમાં ભાગ લેશે. તે બે સત્રમાં યોજાશે. સવારે સૌ પ્રથમ, એક ક્લોઝ પ્લેનરી એટલે કે બંધ રૂમની ચર્ચા થશે. આ પછી સાંજે ઓપન પ્લેનરી થશે. આ દરમિયાન પીએમ મોદી ઘણા નેતાઓ સાથે દ્વિપક્ષીય વાતચીત પણ કરશે.

બ્રિક્સ દેશોની પ્રથમ સમિટ ૨૦૦૯માં યોજાઈ હતી. તેનું આયોજન રશિયામાં કરવામાં આવ્યું હતું. આ પછી, વર્ષ ૨૦૧૦માં દક્ષિણ આફ્રિકામાં જોડાયા બાદ તેનું નામ બદલીને BRICS કરવામાં આવ્યું. અત્યાર સુધીમાં ૧૫ વખત બ્રિક્સ સમિટ યોજાઈ ચૂકી છે. આ વખતે તેની ૧૬મી સમિટનું આયોજન કરવામાં આવી રહ્યું છે. રશિયાએ અત્યાર સુધીમાં ત્રણ વખત બ્રિક્સ સમિટનું આયોજન કર્યું છે. આ ચોથી વખત હશે જ્યારે પુતિન બ્રિક્સની અધ્યક્ષતા કરશે.

# કાશ્મીરમાં નવાં આતંકવાદી સંગઠનનો પર્દાફાશ

## લશ્કર-એ-તૈયબા સાથે સંકળાયેલાં જમ્મુ કાશ્મીર આતંકવાદી જૂથ તહરીક એ લબૈક નવાં આતંકવાદીઓની ભરતી કરી રહ્યું



કાશ્મીર, તા. ૨૩ઃ જમ્મુ-કાશ્મીર પોલીસની કાઉન્ટર ઈન્ટેલિજન્સની કાશ્મીર વિંગે આજે કાશ્મીરના કેટલાક જિલ્લાઓમાં ઓપરેશન હાથ ધર્યું હતું. સીઆઇકે એ કહ્યું કે તેણે લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલાં નવાં આતંકવાદી જૂથનાં ભરતી મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે. પોલીસનાં જણાવ્યાં અનુસાર સક્રિય આતંકવાદી મોડ્યુલ વિશે ઈનપુટ મળ્યાં બાદ તેઓએ ઓપરેશન હાથ ધર્યું હતું.

મધ્ય કાશ્મીરમાં શ્રીનગર, બડગામ અને ગાંદરબલમાં અનેક સ્થળોએ દરોડા પાડવામાં આવ્યાં હતાં. આ સિવાય દક્ષિણ કાશ્મીરનાં કુલગામ, અનંતનાગ અને પુલવામા અને ઉત્તર કાશ્મીરના બાંદીપોરામાં દરોડા પાડવામાં આવ્યાં હતાં. પોલીસે નવાં આતંકવાદી સંગઠનની ઓળખ તહરીક-એ-લબૈક યા મુસ્લિમ તરીકે કરી છે. આ અંગે તેણે કહ્યું કે તે લશ્કર-એ-તૈયબાની શાખા છે. પોલીસે જણાવ્યું હતું કે તહરીક એ લબૈકનો પર્દાફાશ થયો હતો. તેનું ભરતી મોડ્યુલ પાકિસ્તાન સ્થિત લશ્કર કમાન્ડર બાબા હમાસ દ્વારા ચલાવવામાં આવે છે. રવિવારે ગાંદરબલ જિલ્લામાં સુરંગ બનાવતી કંપનીના કર્મચારીઓના રહેણાંક કેમ્પ પર થયેલાં આતંકવાદી હુમલામાં સાત લોકો માર્યા ગયાં હતાં. આ પછી સેનાએ ઓપરેશન હાથ ધર્યું.

# મહારાષ્ટ્રમાં મહાવિકાસ અઘાડીનો બેઠક સમજુતી મુદ્દે ઘમાસાણઃ કોંગ્રેસ-ઉદ્ધવ ઠાકરે જુથ સામસામા


મુંબઈ, તા.૨૩ઃ મહારાષ્ટ્રમાં આગામી માસમાં યોજાનારી ધારાસભા ચૂંટણી પૂર્વે એક તરફ ભાજપ નેતૃત્વની મહાયુતિ વચ્ચે બેઠક સમજુતી લગભગ પૂર્ણ થઇ છે. તે વચ્ચે વિપક્ષના મહાવિકાસ અઘારીમાં બેઠકો અંગે જબરી ખેંચતાણ ચાલુ છે અને ખાસ કરીને શિવસેના ઉદ્ધવ જુથના વલણ સામે કોંગ્રેસ હવે નમતુ નહીં જોખે તેવા સંકેત છે. તો બીજી તરફ એનસીપી શરદ પવાર જુથ આજે બપોરે તેમના ઉમેદવારોની જાહેરાત કરવા જઇ રહ્યું છે. આજે પવાર જુથની બેઠક હાલ ચાલુ છે અને તે હવે કેટલી બેઠકો પર ઉમેદવારની જાહેરાત કરે છે તેના પર સૌની નજર છે. દિલ્હીમાં કોંગ્રેસ ચૂંટણી સમિતિની બેઠકમાં સ્પષ્ટપણે ઉદ્ધવ ઠાકરે સામે નમતુ નહીં જોખવા નિર્ણય લેવાયો હતો. લોકસભા ચૂંટણીમાં જે રીતે રાજ્યમાં કોંગ્રેસે મહત્વની સફળતા મેળવી તે પછી તે પોતાની તાકાત વિધાનસભામાં પણ વધારવા માંગે છે. અગાઉ ઉદ્ધવ ઠાકરેએ કોંગ્રેસને ચેતવણી આપી હતી કે વાતચીત તુટી પડે ત્યાં સુધી કોંગ્રેસે ખેંચવું જોઇએ નહીં. પરંતુ કોંગ્રેસ હાલ હવે ઉદ્ધવ ઠાકરેને વધુ ભાવ આપવાના મૂડમાં નથી.



## તંત્રી લેખ

–રાજેશ યુ. બગડાઈ

# સરકારી યોજનાઓમાં ડિજિટલ સિસ્ટમની વરવી વાસ્તવિકતા, બેંકોના બેવડા ધોરણો!




સરકારી સેવાઓ ડિજિટલ બની રહી છે અને ઓનલાઈન ડેટાબેઈઝ સિસ્ટમો લાગુ કરવામાં આવી રહી છે. કોઈપણ ડોક્યુમેન્ટ્સ કે દાખલા, પ્રમાણપત્રો, જુદી જુદી યોજનાઓના કાર્ડઝ, રેશનકાર્ડ, આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ, પાનકાર્ડ વગેરેમાં પણ હવે ઓનલાઈન સુધારા-વધારા થઈ શકે છે. કેટલીક યોજનાઓના રજિસ્ટ્રેશન પણ હવે ઓનલાઈન થાય છે. યોજનાકીય લાભો પહોંચાડવામાં પારદર્શિતા તથા લાભાર્થીના બેંક એકાઉન્ટમાં યોજનાકીય લાભોની પૂરેપૂરી રકમ સીધી જમા કરાવવાની ડીબીટી સિસ્ટમ દ્વારા ભ્રષ્ટાચાર પર લગામ લગાવવાના ઉદ્દેશ્યો જેવા ફાયદાઓ પણ થયા છે, પરંતુ સિક્કાની બીજી બાજુ પણ છે.

એક નાનકડા ગામડાના એક વિદ્યાર્થીએ પોતાની શાળાના વર્ગ શિક્ષક તથા આચાર્યને ઉદ્દેશીને લખેલો એક પત્ર સોશ્યલ મીડિયામાં ફરી રહ્યો છે, અને પ્રેસ-મીડિયાએ પણ તેની નોંધ લીધી છે. આ ત્રણ-ચાર લીટીનો પત્ર પ્રવર્તમાન સિસ્ટમની કડવી વાસ્તવિકતા રજૂ કરે છે, અને નાનો સરખો યોજનાકીય લાભ મેળવવા માટે પણ કુમળી વયના બાળકો તથા માતા-પિતા-વાલીઓને કેટલી તકલીફ પડે છે, તેનું આ સચોટ દૃષ્ટાંત અદ્યતન સિસ્ટમના નામે લાદી દેવાયેલા સરકારી ગતકડાની માઠી અસરોને ઉજાગર કરે છે. આ પ્રકારની સિસ્ટમો સામાન્ય જનતાની સગવડો નહીં પણ અગવડો વધારે છે, જે પ્રશાસકીય સિસ્ટમ્સના ગાલે તમાચા સમાન છે. આ બાળકે તેના વર્ગ શિક્ષક તથા આચાર્યને ઉદ્દેશીને લખ્યું છે કે શિષ્યવૃત્તિ માટે એટલા બધા આધાર-પુરાવા અને અપડેટ માંગવામાં આવે છે કે મારા માતા-પિતા વારંવાર તાલુકા અને બેંકના અનેક ધક્કા ખાઈને થાકી ગયા છતાં પૂરૂં થતું નથી. તેથી કંટાળીને મારી માતાએ કહ્યું કે આપણે શિષ્યવૃત્તિ જોઈતી નથી.

મોટા મોટા ઉદ્યોગપતિઓને કોઈ પણ નક્કર ગેરન્ટી વગર કરોડો-અબજો રૂપિયાના ધિરાણો આપી દેતી ઘણી બેંકો પણ વિદ્યાર્થીઓ-વાલીઓને સ્કોલરશીપ, શિષ્યવૃત્તિ કે સરકારી યોજનાની નાનકડી સહાય માટે ખાતું ખોલાવવું હોય, ત્યારે સહયોગ આપતી હોતી નથી અને ધક્કા ખવડાવે છે, તેવી ફરિયાદો પણ ઊઠતી હોય છે, જ્યારે બાંગ્લાદેશમાં સત્તા પરિવર્તન પછી રાતોરાત જરૂરી મંજુરીઓ આપીને જાયન્ટ ઉદ્યોગપતિને ઊર્જાનું વૈકલ્પિક માર્કેટ આપી દેવાય છે, તે શું સૂચવે છે?

ડિજિટલ ગુજરાતની સાઈટના ધાંધિયા, વારંવાર એરર, સર્વર ડાઉનની રોજીંદી તકલીફ અને અન્ય સિસ્ટોમેટિક ખામીઓના કારણે શિષ્યવૃત્તિની દરખાસ્તોની એન્ટ્રી પાડવામાં પણ વિલંબ થતો હોય છે. ઈ-કેવાયસીની પ્રક્રિયા હેઠળ આચાર્ય કે ટિચર્સ (શિક્ષકો) દ્વારા એપ ઓપન કરવામાં આવે, અને વિદ્યાર્થી-વાલીની મોબાઈલ ફોનમાં તેનો ઓટીપી આવે, તે પછી તેના આધારે આધારકાર્ડનું કેવાયસી થાય, અને તેના વિકલ્પો વાંચીને રેશનકાર્ડના નંબર દાખલ કર્યા પછી ફરીથી વિદ્યાર્થીના વાલીના મોબાઈલમાં તેનો ઓટીપી આવે, તે પછી તો રેશન કાર્ડમાં પરિવારના જેટલા સભ્યો હોય, તેમાંથી અભ્યાસ કરતા બાળકોના ફોટા કેપ્ચર કરવા, તેની સાથે આધાર અને રેશનકાર્ડ તથા બેંક એકાઉન્ટની વિગતો મેચ થાય, તે પછી જ ઈ-કેવાયસી સંપન્ન થાય અને વિદ્યાર્થીની દરખાસ્ત સબમીટ થાય. આટલી જટિલ પ્રક્રિયા જો કરોડોના ધિરાણો આપતી વખતે બેંકો અપનાવતી હોત કે અબજો રૂપિયાના કોન્ટ્રાક્ટો આપતી વખતે સરકારો અપનાવતી હોય તો કદાચ વિજય માલિયાઓ, નિરવ મોદીઓ, મેહુલ ચોક્સીઓ જેવા ફ્રોડ થયા જ ન હોત, ખરૂં કે નહીં?

# વડાપ્રધાનના કાર્યક્રમ માટે રાજકોટ દક્ષિણ અને લોધીકાના મામલત્તદારને જવાબદારી

રાજકોટ,તા.૨૩ઃ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આગામી તા.૨૮ને સોમવારે અમરેલીના દૂધાળા ગામની મૂલાકાત લઈ ભારત માતા સરોવરનું લોકાર્પણ કરનાર હોય વડાપ્રધાનના કાર્યક્રમ માટે રાજ્ય સરકારની સાથે વહીવટી તંત્ર પણ તૈયારીઓમાં ગુંથાય ગયું છે. વડાપ્રધાનના આ કાર્યક્રમ માટે અન્ય અધિકારીઓની સાથે રાજકોટ જિલ્લાના બે મામલતદાર જેમાં રાજકોટ દક્ષિણના કાકડીયા અને લોધીકા તાલુકા મામલતદાર ભાડને વિશેષ ફરજ સોપવામાં આવી છે.જેના પગલે તાલુકા મામલતદાર કાકડીયા અને ભાડએ ગઈકાલે જ અમરેલીના દૂધાળા ગામે પહોંચી કામગીરી સંભાળી લીધાનું જાણવા મળ્યું છે.

અહીંએ ઉલ્લેખનીય છે કે દૂધાળા ખાતે વડાપ્રધાનના કાર્યક્રમ માટે જંગી જનમેદની ઉમટી પડનાર છે.જેમાં રાજકોટથી પણ ૭૫ જેટલી બસો સાથે ભાજપના આગેવાનો કાર્યકરો અને નાગરિકો દૂધાળા પહોચનાર છે.આ માટે કલેકટર તંત્રને ટાર્ગેટ આપવામાં આવ્યાનું પણ જાણવા મળ્યું છે. વડાપ્રધાનના કાર્યક્રમમાં ભાગ લેનાર કાર્યકરો આગેવાનો નાગરિકો માટે ફૂડપેકેટની વ્યવસ્થા કરવા માટે પણ તંત્રને સુવિધા આપવામાં આવેલ છે.

# તહેવારો પૂર્વે વેરાવળ શહેરમાં પોલીસ વિભાગ દ્વારા શાંતિ સમિતિની બેઠક મળી



વેરાવળ, તા. ૨૩ઃ જુનાગઢ રેન્જ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા સાહેબ તથા ગીર સોમનાથ જીલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા સાહેબ તથા વિભાગીય પોલીસ અધિકારી વી.આર.ખેંગાર સાહેબનાઓ દ્વારા આગામી દિવાળીના તહેવારો સબબ અત્રેના જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે જે અંગે વેરાવળ શહેરમાં દરેક સમાજનાં આગેવાનો, વેપારી અગ્રણીઓ સાથે શાંતી સમીતીની મીટીંગ યોજવા સુચના મળતા તે અનુસંધાને બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આજરોજ વેરાવળ સીટી પોલીસ ઈન્સપેકટર એચ.આર.ગોસ્વામીનાઓ દ્વારા વેરાવળ દિવાળીના તહેવાર સબબ શહેરમાં મુખ્ય બજાર તેમજ બસ સ્ટેન્ડ રોડ પર ખરીદી કરવા આવતા હોય જેથી મોટી ભીડ રહેતી હોય. જેથી ટ્રાફીક જામ કે ચોરી /લુટ કે છેડતીના બનાવો ન બને તે માટે જરૂરી તકેદારી રાખવા અને આવા કોઈ બનાવ બન્યે તાત્કાલીક પોલીસનો સંપર્ક કરવા તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ શાંતિ પૂર્વક તહેવારની ઉજવણી કરવા નગરજનોને અનુરોધ કરવામાં આવેલ છે. શહેરમાં ટ્રાફિક પરિસ્થિતિ વિકરાળ બનેલો હોય ત્યારે આડેધડ પાર્ક કરતા વાહન માલિકો ને તાકદી કરવામાં આવે છે કે ટ્રાફિક પોલીસ દ્વારા આપનું વાહન ટ્રાફિકને અડચણરૂપ હશે તો ક્રોન કરી ડીટેન કરવામાં આવશે..

ત્યારે પોલીસ વિભાગ ની નવી પહેલ ત્રણ વાત અમારી ને વેપારી અનિષ રાચ્છ, મુકેશ ચોલેરા ફારુકભાઈ બુઢીયા, ગોવિંદભાઈ, રમેશભાઈ આહુજા, ગીરીશભાઈ પટ્ટ, ભીમભાઈ વાયલુ, ખીમજીભાઈ ચાવડા સહિતનાઓએ બિરદાવી અને સાથે વિનંતી કરેલ કે આવનારા તહેવારોને ધ્યાનમાં રાખી વેપારીઓ મોડે સુધી વેપાર ધંધા કરી શકે તે માટે પોલીસનું સઘન પેટ્રોલિંગ અનિવાર્ય હોય જેથી કરીને કોઈ બનાવ ન બને. આ મિટિંગમાં સમસ્ત ખારવા સમાજ સાગર પુત્ર ફાઉન્ડેશનના હોદ્દેદારો, મુસ્લિમ સમાજના હોદ્દેદારો, લોહાણા સમાજના હોદ્દેદારો, સોની સમાજ, કોળી સમાજ, ભોઈ સમાજ, સિંધી સમાજ, હાડી સમાજ, ભીડીયા ખારવા સમાજ, પ્રભાસ પાટણ સમાજ, બ્રહ્મ સમાજ સહિતના નામાંકિત આગેવાનો અને વેપારી મંડળ એસોસિયેશનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા અને આવનારા તહેવારો હિંદુ મુસ્લિમ સર્વે હળી મળીને ઉજવે અને શાંતિ સુલેભંગના પ્રશ્ન ઉપસ્થિત થાય તો પોલીસનો તુંરત સંપર્ક કરવા પી આઈ ગૌસ્વામીએ જણાવેલ હતું.

# ‘ચોરી ઉપર સે સિનાજોરી’ કરતા કાળુભાઇ પાનસુરીયા?

## લોકોના પૈસા કઢાવવાની જવાબદારી મીડિયા કે પોલીસની ?

(સામના મિરર, સંવાદદાતા)


રાજકોટ, તા. ૨૩ઃ કોઈપણ પ્રકારના રિસ્ક સાથે પોતે જવાબદારીપૂર્વક પોતાનો બાંધકામ વ્યવસાય ચલાવતા હોય છે જેમાં નફા-કોરી થતી હોય છે ત્યારે કોઈને યાદ કરવામાં આવતા નથી પણ નુકસાની થતી હોય ત્યારે પોલીસને તથા મીડિયાને હાથો બનાવી પોતાના પૈસાની ઉઘરાણીની જવાબદારી સોંપવામાં આવે છે આવો જ એક કિસ્સો આજે સામે આવ્યો છે.

આવા સમયે મીડિયા તથા પોલીસની જવાબદારી ઉપર સવાલો ઉઠી રહ્યા છે જ્યારે બાંધકામના વ્યવસાયમાં ભાગીદારી કરી હતી ત્યારે પોલીસ કે મીડિયાને વચ્ચે લેવામાં આવ્યા હતા ? આવી જ રીતે કોઈપણ જમીન મકાનનો વ્યવસાય ધરાવતો વ્યક્તિ જ્યારે જમીન મકાનનો ધંધો કરતો હોય ત્યારે પોતાના નીતિ નિયમ મુજબ જ ચાલતો હોય છે પણ વ્યવસાયમાં નફો થતો હોય ત્યારે કોઈને વચ્ચે લેતો નથી. પણ જ્યારે વ્યવસાયમાં જ્યારે નુકસાની થાય ત્યારે પોતાની સાથે જોડાયેલા વ્યક્તિઓને ચેનકેન પ્રકારે હેરાન પરેશાન કરવામાં પણ કોઇ જ કસર રાખતા નથી.

**ભાગીદારીનો ધંધો કરવાની જવાબદારી પોતાના શીરે હોય છે નહીં કે પોલીસ અને મીડિયાની**

આવો જ એક કિસ્સો દિનેશભાઇ ચાવડા ઉર્ફે મુછડી સાથે થયો છે આશરે એક મહિના પહેલા જે કાંઈ રોકાણના પૈસા છે તે આપી દેવા માટે બંધાયેલા હતા પણ પૈસા ચાઉં કરી જવાની વૃત્તિવાળા લોકો એ ખોટી રીતે દિનેશભાઇ ચાવડા ઉર્ફે મૂછડીને તેના ભાગીદાર કાળુભાઈ પાનસુરીયા દ્વારા પોલીસ અને મીડિયાને ખોટી રીતે હવાલો આપ્યો હોય તેમ નિર્દોષ વ્યક્તિને બદનામ કરવામાં આવ્યો છે.

આ બાબતે દિનેશભાઇ ચાવડાને છેલ્લા ઘણા સમયથી કાળુભાઇ પાનસુરીયા અને તેના મળતીયાઓ દ્વારા ખોટી ફરિયાદો અને આક્ષેપો કરી સામાજિક અને માનસિક રીતે હેરાન પરેશાન કરવામાં કોઇ કસર બાકી રાખી નથી. આ બાબતથી કંટાળીને દિનેશભાઇ ચાવડા રાજકોટ પોલીસ કમિશનરશ્રી બ્રિજેશકુમાર ઝા સાહેબને પણ રજૂઆત કરવા હોવાનું પણ જાણવા મળે છે.



દિનેશભાઇ ચાવડા

# વેરાવળ જીઆઈડીસીની ફીશ કંપનીમાં એમોનીય ગેસ લીક થતા એક શ્રમિકનું મોત

- મધ્યરાત્રીએ બનેલી ઘટનાની ફેકટડી સેફટી ઈન્સપેકટરને ૧૧ કલાક બાદ જાણ કરાઈ
- ઘટના સમયે ૨૦ જેટલા પરપ્રાંતીય મહિલા મજુરો અને બાળકોને સમયસર બહાર કાઢી લેવાતા મોટી દુર્ઘટના બનતા સહેજમાં અટકી

વેરાવળ, તા. ૨૩ઃ વેરાવળ જીઆઇડીસીની ફીશ કંપનીમાં એમોનિયા ગેસ લીકિજ થતા એક શ્રમિકનું મૃત્યુ નીપજેલ જ્યારે અન્ય એક શ્રમિકને ઝેરી અસર થતા સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ઘટનાને દબાવી દેવા થઈ રહેલા પ્રયાસોની શ્રમિક વર્ગમાં જોરશોરથી ચર્ચા થઈ રહી છે. જો કે તંત્રએ તપાસ હાથ ધરી છે જેમાં સામે શું આવે છે તે જોવું રહ્યુ.

આ ઘટના અંગે પ્રાપ્ત વિગતો મુજબ વેરાવળ જીઆઈડીસીમાં પ્રેસટીઝ મરીન ફીશ કંપનીના મશીન રૂમમાં ગતરાત્રીના દોઢેક વાગ્યે આસપાસ અચાનક ધડાકા સાથે એમોનિયા ગેસ લીકિજ થતા અફરાતફરી મચી ગઈ હતી. ત્યારે ત્યાં નાઈટ શીફ્ટમાં ફરજ બજાવતા ૨૦ વર્ષીય શ્રમિક રવિ અરશીભાઈ મેર બેભાન થઈ ગયેલ જ્યારે તેની સાથે ફરજ બજાવતો શ્રમિક પરેશભાઈ મેરને ગૂંગળામણ થવા લાગતા તે રાડો પાડીને બહાર દોડી ગયો હતો. આ સમયે કંપનીમાં ઉપર રહેતા અન્ય ૧૫ જેટલા પરપ્રાંતીય મહિલા મજુરો અને ચારેક બાળકોને પણ ગેસ લીકિજ થયાનું જણાવી સમયસર બહાર કાઢ્યા હતા. જેથી સદનસીબે સહેજમાં મોટી દુર્ઘટના સાથે જાનહાની બનતા અટકી હતી. બાદમાં કંપનીના માલીક, ૧૦૮, ફાયર ફાઈટર વિભાગને જાણ કરી હતી. જેને લઈ સ્થળ પર દોડી આવેલા ફાયર ફાઈટરની ટીમે કામગીરી હાથ ધરી પરિસ્થિતિને કાબુમાં કરી હતી. જ્યારે એમોનીય ગેસની ઝેરી અસરથી બેભાન બની ગયેલા બંન્ને શ્રમિકોને ૧૦૮ મારફત સિવીલ હોસ્પીટલ ખસેડવામાં આવેલ હતા. જ્યાં ફરજ પરના તબીબે શ્રમિક રવિભાઈને મૃત જાહેર કરેલ જ્યારે પરેશને વધુ સારવાર અર્થે ખાનગી હોસ્પીટલમાં ખસેડતા હાલ તે ભયમુક્ત હોવાનું જાણવા મળેલ છે. આ ઘટનાના પગલે દોડી આવેલા ફેકટરી સેફટી ઈન્સ્પેકટર યોગેશ મોવાનીએ ઘટનાસ્થળ ફેકટરીની મુલાકાત લઈ તપાસનો ધમધમાટ હાથ ધર્યો છે.



તસવીરઃ રવિ ખખ્ખર, ગીર સોમનાથ

## ઘટનાને દબાવવાનો પ્રયાસ

ફીશ કંપનીમાં એમોનીય ગેસ લીક થયાની ઘટના મોડીરાત્રીમાં દોઢેક વાગ્યા બની હતી. જેની જાણ ફેકટરી સેફટી ઈન્સ્પેકટરને ૧૧ કલાક બાદ આજે બપોરે સાડા બાર વાગ્યા આસપાસ કરવામાં આવી હોવાનું ખુદ સ્થળ મુલાકાતે આવેલા અધિકારીએ જ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યુ છે. ત્યારે આટલા સમય સુધી ઘટના સંબંધિત વિભાગથી શું કામ છુપાવાઈ ? તે મોટો સવાલ ઉભો થયો છે.જો કે, ઘટનાને દબાવવાના પ્રયાસમાં જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીઝ એસો.ના હોદેદારોએ પણ ભુમિકા ભજવી હોવાની શ્રમિક વર્ગમાં ચર્ચા થઈ રહી છે.

## મૃતકને ન્યાય અને ઘટનાના જવાબદારો સામે પગલાં ભરો

આ કરૂણ ઘટનામાં મૃત્યુ પામેલા શ્રમિકના સ્વજન બીજના એડવોકેટ નારણભાઈ મેરએ જણાવેલ કે, અત્રેની જીઆઈડીસીમાં હજારો શ્રમિક નોકરી કરીને ગુજરાન ચલાવતા હોય તેઓની સુરક્ષાને લઈ કોઈ બાંધછોડ થવી ન જોઈએ. જેથી આ ગેસ લીકિજની ઘટનાની ન્યાયિક તટસ્થ તપાસ થાય તે જરૂરી છે. તેમાં જે કોઈ જવાબદાર હોય તેને દાખલારૂપ સજા થાય તેવી માંગ છે. મૃતકના પરીવારને સહાય આપવા માંગ છે.

# અયોધ્યા પાર્ક, સોસાયટીમાં મકાનનો કબ્જો લેતા, રાજકોટ પૂર્વ મામલતદાર

રાજકોટ,તા.૨૩ઃ આજરોજ પણ રાજકોટમાં સરકેસીનાં કેસોમાં મિલ્કતનો કબ્જો લેવાની ઝુંબેશ યથાવત રહી હતી.આજરોજ પણ પૂર્વ મામલતદાર અને તેની ટીમે જિલ્લા કલેકટરની સુચના મુજબ રૂા.૧૯.૮૧ લાખની બાકી બેન્ક લોનનાં કિસ્સામાં મકાનનો કબ્જો લઈ બેન્ક સતાવાળાઓને સોંપી દિધો હતો.

આજ રોજ રાજકોટ કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ મામલતદાર એસ. જે. ચાવડા, મામલતદાર, રાજકોટ શહેર(પૂર્વ) ની સૂચના મુજબ સત્યમ શેરસીયા, સર્કલ ઓફિસર દ્વારા ઘી સિક્યુરાઈઝેન એક્ટ હેઠળ મિલકત નો કબ્જો લીધો હતો.

પીરામલ કેપિટલ એન્ડ હાઉસિંગ ફાઇનાન્સ દ્વારા કુરીબેન બચુભાઈ પરમાર વાઈફ ઓફ મનસુખભાઈ વાઘેલાને રાજકોટ



શહેરના રેવન્યુ સર્વે નંબર ૧૦ પૈકી ૪ ની ''અયોધ્યા પાર્ક'' સોસાયટીમાં આવેલ પ્લોટ નંબર ૮ પૈકી ઉત્તર દિશાની જમીન ચોરસ મીટર આશરે ૫૧.૦૫ સહીત ના મકાન ''જય ખોડીયાર કૃપા'' આવેલ છે જેના ઉપર તારીખ ૧૫/૧૨/૨૦૧૯ સુધીની બાકી પટ્ટી લહેરી રકમ રૂા.૧૯,૮૧,૧૩૧/પૈસા અને ત્યારબાદ ચડત વ્યાજની રકમની વસુલાત કરવા માટે સિક્યોરાઈઝેશન એક્ટ અંતર્ગત કલેકટર સાહેબ રાજકોટના હુકમ નંબર જે-એક્સ-સિક્યુ. એક્ટ-કેસ રજી નંબર ૪૦/૨૦૨૧ તારીખ-૧૨/૦૧/૨૦૨૨ અંતર્ગત સર્કલ ઓફિસર સત્યમ શેરસીયા દ્વારા કબજો લેવા માટેની નોટિસ આપેલ જયારે આજરોજ તા.૨૨/૧૦ના રોજ કબજો લઈ પિરામલ કેપિટલ એન્ડ હાઉસિંગ ફાઇનાન્સ, રાજકોટના અધિકૃત અધિકારીને કબજો સોંપવામાં આવેલ હતો.



# સાયબર ગેંગ પર સકંજો કસાશેઃ ત્રણ મુખ્ય એજન્સીઓનો સંયુકત એકશન પ્લાન

નવી દિલ્હી,તા.૨૩ઃ ગૃહ મંત્રાલયે કેન્દ્ર અને રાજ્યોની તમામ એજન્સીઓને એક મંચ પર લાવીને નાગરિકોની આર્થિક છેતરપિંડી કરવાની સાથે દેશની સુરક્ષા સામે પડકાર ઉભો કરી રહેલાં સાયબર ગુનેગારોને પકડવા માટે એક મોટી કાર્યવાહીની તૈયારી કરી છે.

સરકાર માને છે કે સાયબર સુરક્ષા હવે માત્ર ડિજિટલ વિશ્વ પુરતી મર્યાદિત નથી રહી પરંતુ તે રાષ્ટ્રીય સુરક્ષાનું એક મહત્વપૂર્ણ પાસું બની ગયું છે. આવી સ્થિતિમાં રાષ્ટ્રીય સ્તરે શંકાસ્પદ ગુનેગારોના ડેટા તૈયાર કરીને સાયબર ક્રાઇમને રોકવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે. એક રિપોર્ટ અનુસાર, ૮૫ ટકા ફરિયાદો નાણાકીય ગુનાઓ સાથે સંબંધિત છે. સાયબર ક્રાઈમને રોકવા માટે ગૃહ મંત્રાલયે ત્રણ વિશેષ પહેલ કરી છે. આ અંતર્ગત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને ગુનાની પદ્ધતિઓ ઓળખવામાં આવી રહી છે અને શંકાસ્પદ ગુનેગારોની કુંડળી તૈયાર કરવામાં આવી રહી છે. વિવિધ રાજ્યો વચ્ચે સંકલન વધારવામાં આવી રહ્યું છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ આવાં ગુનાઓને રોકવા માટે સંકલન વધારવાના માર્ગો શોધવામાં આવી રહ્યાં છે. નાણાકીય છેતરપિંડી, સેક્સટોર્શન, રોકાણ છેતરપિંડી, ડિજિટલ ધરપકડ, ગેમિંગ એપ્લિકેશન છેતરપિંડી, ઓટીપી છેતરપિંડી, લોન એપ્લિકેશન છેતરપિંડી. સાયબર ફ્રોડ મિટિગેશન સેન્ટરની સ્થાપના બેંકો, નાણાકીય સંસ્થાઓ, ટેલિકોમ કંપનીઓ, ઈન્ટરનેટ સેવા પ્રદાતાઓ, પોલીસ અને રાજ્યની સંબંધિત એજન્સીઓને એક મંચ પર લાવીને કરવામાં આવી છે. સાયબર ક્રાઈમ નિવારણ માટે તેને એક મુખ્ય પ્લેટફોર્મ બનાવવાની તૈયારીઓ થઈ રહી છે. આ સેન્ટર સાયબર ગુનેગારોની મોડસ ઓફ ઓપરેન્ડીને ઓળખવા અને તેમને રોકવા માટે એઆઈ દ્વારા અલગ-અલગ ડેટાનો ઉપયોગ કરશે. દેશનાં દરેક રાજ્યમાં શંકાસ્પદ ગુનેગારોના અલગ-અલગ ડેટાને કારણે કાર્યવાહી કરવામાં મુશ્કેલી પડી હતી. કારણ કે, પોલીસની પોતાની મર્યાદા હોય છે પરંતુ સાયબર ગુનેગારોની કોઈ સીમા હોતી નથી. આવી સ્થિતિમાં, રાષ્ટ્રીય સ્તરે સસ્પેક્ટ રજિસ્ટ્રી બનાવવા અને તેની સાથે રાજ્યોને જોડવાની અને સાયબર ક્રાઈમ સામે લડવા માટે એક સામાન્ય પ્લેટફોર્મ બનાવવાની લાંબા સમયથી માંગણી હવે પૂર્ણ થઈ છે.

હાલમાં સાયબર સસ્પેક્ટ રજિસ્ટ્રીમાં ૧૪ લાખ શંકાસ્પદ લોકોના મોબાઈલ નંબર, બેંક એકાઉન્ટ, સોશિયલ મીડિયા એકાઉન્ટ, યુપીઆઇનો ડેટા ઉમેરવામાં આવ્યો છે. આ ડેટા સાયબર ફ્રોડની ફરિયાદનાં આધારે તૈયાર કરવામાં આવ્યો છે. આ પ્લેટફોર્મ સાયબર ગુનેગારો વિરુદ્ધ અભિયાન ચલાવશે. આ કેન્દ્ર દેશભરની સુરક્ષા એજન્સીઓ વચ્ચે ગુનાહિત મેપિંગ, ડેટા વિશ્લેષણ અને સંકલન માટે વન સ્ટોપ પોર્ટલ તરીકે કામ કરશે. ઈન્ટરનેટની સુવિધા અને ઓનલાઈન પેમેન્ટ વધવાની સાથે ઓનલાઈન નાણાકીય છેતરપિંડીના બનાવો પણ વધી રહ્યાં છે. દેશમાં ઈન્ટરનેટ યુઝર્સની સંખ્યા ૩૧ માર્ચ ૨૦૧૪ ના રોજ ૨૫ કરોડ હતી, જે ૩૧ માર્ચ ૨૦૨૪ના રોજ ૯૫ કરોડ થઈ છે. ૩૫ કરોડ જન ધન ખાતા અને ૩૬ કરોડ ડેબિટ કાર્ડ સાથે ૨૦૨૪ માં ડિજિટલ માધ્યમથી ૨૦ લાખ ૬૪ હજાર કરોડ રૂપિયાના વ્યવહારો થયાં છે. વિશ્વનાં ૪૬ ટકા ડિજિટલ ટ્રાન્ઝેક્શન ભારતમાં થાય છે. આવી સ્થિતિમાં સાયબર ફ્રોડથી રક્ષણની જરૂરિયાત ખૂબ જ વધી ગઈ છે.

ભારતમાં મોટી કંપનીઓ પર સાયબર હુમલાઓ વધતાં કંપનીઓએ સાયબર સુરક્ષા વધારી

આ વર્ષની શરૂઆતમાં, એક અગ્રણી ફાઇનાન્સ કંપનીનાં પાસવર્ડ હેક થયો હતો અને સાયબર સુરક્ષા ભંગના કારણે સંવેદનશીલ નાણાકીય માહિતી લીક થઈ હતી. જો કે, આ મામલાને આંતરિક રીતે હેન્ડલ કરવામાં આવ્યો હતો.

તાજેતરની બીજી ઘટનામાં, એક મોટી એન્જિનિયરિંગ કંપની સાયબર ફિશિંગ હુમલાનો શિકાર બની હતી. પાછલાં વર્ષમાં સાયબર હુમલાઓમાં અનેકગણો વધારો થયો છે, અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના કારણે વધુ સાયબર હુમલા થવાની શક્યતા છે. તેથી દરેક કંપનીઓને જોખમ પરિબળો અને સાયબર સુરક્ષાની નિયમિત સમીક્ષા કરવી જરૂરી બને છે.

સાયબર નિષ્ણાત ગાર્કેલે જણાવ્યું હતું કે, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, અદાણી જૂથ, ટાટા જૂથ, વેદાંત, મારુતિ સુઝુકી ઈન્ડિયા અને આરપીજી જેવી મોટી કંપનીઓ હેકર્સ માટે રોકડ ગાય જેવી છે. તેઓને માત્ર ડેટા કે રૂપિયા જવાનો જ ભય નથી પરંતુ તેઓની બ્રાન્ડની પ્રતિષ્ઠા પણ દાવ પર હોય છે. એસેટ બેઝ જેટલો મોટો છે, તેટલી જ જોખમની ધારણા વધારે છે.

# મહાકુંભમાં તપાસ કર્યા બાદ જ વ્યકિતને પ્રવેશ મળશેઃ ચેકિંગ ફરજીયાત



વારાણસી, તા.૨૩ઃ પ્રયાગરાજમાં મહાકુંભમાં વિશ્વભરની હસ્તીઓ અને રાજદારીઓની હાજરીને ધ્યાનમાં રાખીને કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.વિશ્વના ઘણા દેશોમાં હાલમાં યુદ્ધની સ્થિતિ છે અને કેટલાકમાં ભારત વિરોધી તત્વોની ગતિવિધિ વધી છે. આ સંદર્ભે ગુપ્તચર એજન્સીઓને પણ ઘણા મહત્વપૂર્ણ ઈનપુટ્સ મળી રહ્યા છે, જેનાથી પ્રયાગરાજમાં દર વર્ષે યોજાનારા મહાકુંભની સુરક્ષામાં મદદ મળી છે.

તંત્રની ચિંતા વધી છે. તેથી, એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે હાલમાં, વિદેશની કઠોર સ્થિતિને ધ્યાનમાં રાખીને, કોઈપણ વ્યક્તિ, વાહન અથવા માલસામાન તમામ આંતર- રાજ્ય સરહદો અને આંતર- જિલ્લા સરહદો પર તપાસ કર્યા વિના પ્રયાગરાજમાં પ્રવેશ કરી શકશે નહીં.

તેને અત્યાધુનિક સાધનોની મદદથી ચેકિંગ અને ક્રોસ સ્ક્રિનિંગ કર્યા પછી જ પ્રવેશ આપવામાં આવશે. તાજેતરમાં, મહાકુંભની તૈયારીઓ સંદર્ભે એડીજી ઝોન પ્રયાગરાજ ભાનુ ભાસ્કરની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં સંબંધિત ઝોન, રેન્જ, જિલ્લાઓ, જીઆરપીના અધિકારીઓની હાજરીમાં નક્કી કરવામાં આવ્યું હતું કે વારાણસી સહિત સતના અને રિયા જિલ્લાઓ મધ્યપ્રદેશ અને આંતર ઝોનલ સરહદ, વારાણસી, કાનપુર અને લખનૌ ઝોનના જિલ્લાઓની સરહદો પર દરેક વ્યક્તિ, વાહન અને સામાનનું સઘન ચેકિંગ કરવામાં આવ્યું હતું.

પ્રયાગરાજ જતા અને જતા દરેક વાહનની દેખરેખ સાથે પેટ્રોલિંગ અને તકેદારી રાખવી જોઈએ. દરેક ચેકિંગ પોઈન્ટ પર સીસીટીવી લગાવવામાં આવશે, જેની કવાયત ઓક્ટોબર મહિનાથી શરૂ થશે.મહાકુંભમાં વિશ્વભરની હસ્તીઓ અને રાજદ્વારીઓની હાજરીને ધ્યાનમાં રાખીને કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

# આરોપીઓના ઘર પર બુલડોઝર ચલાવવા સામે સુપ્રિમની બ્રેક

- **અમારા આદેશનો તમને ખ્યાલ છે, છતાં તેના ઉલ્લંઘનનું જોખમ લેવા માંગતા હો તો તમારી મરજીઃ યોગી સરકારને ચેતવણી**



લખનૌ, તા.૨૩ઃ ઉત્તરપ્રદેશમાં હિંસાગ્રસ્ત બહરાઇચ કાંડના આરોપીઓના ઘર પર બુલડોઝર ચલાવવાનું યોગી સરકારની તૈયારી સામે સુપ્રિમ કોર્ટે બ્રેક મારી દીધી છે. આ હિંસામાં એક વ્યકિતની બહેરેમીપૂર્વક હત્યા કરવામાં આવી હતી અને બાદમાં તોફાનો ફાટી નીકળ્યા હતા. જેમાં પોલીસે જે ત્રણ મુખ્ય આરોપીઓની ધરપકડ કરી હતી. તેમના ઘરો પર ગેરકાનૂની બાંધકામના નામે બુલડોઝર ચલાવવાની તૈયારી હતી.

આ મુદ્દે નોટીસ પણ આપવામાં આવી હતી પરંતુ આરોપીઓ વતી સુપ્રિમમાં દાખલ કરેલી અરજીમાં જણાવાયું હતું કે પોલીસ જેને આરોપી ગણે છે તેઓએ પહેલાથી જ પોલીસ સમક્ષ આત્મ સમર્પણ કરી લીધું છે અને જે આવાસ પર બુલડોઝર ચલાવવાની નોટીસ આપવામાં આવી છે તેમાં કોઈપણ ગેરકાનૂની બાંધકામ નથી અને રાજ્ય સરકાર તેમ છતાં તેને તોડી પાડવા માંગે છે. સુપ્રિમ કોર્ટે તેના અગાઉના આદેશનો ઉલ્લેખ કરવા કહ્યું કે જો તમે અમારા આદેશનો અનાદાર કરવાનો જોખમ લેવા માંગતા હોય તો તમે લઇ શકો છો. પરંતુ જે હિંસાગ્રસ્ત વિસ્તાર છે ત્યાં કોઇ બુલડોઝર ચાલશે નહીં. આ મામલો હાઇકોર્ટમાં પણ પેન્ડીંગ છે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ બી.આર. ગવઈની ખંડપીઠે આવતીકાલ સુધીમાં રાજ્ય સરકારને જવાબ આપવાનું જણાવ્યું હતું. આ ઉપરાંત અલ્લાહબાદ હાઇકોર્ટે નોટીસ આપી છે તેને રાજ્ય સરકારે ૧૫ દિવસમાં જવાબ આપવાનો છે. ત્યારે સર્વોચ્ચ અદાલતે આવતીકાલે સુનાવણી સુધી બુલડોઝર નહીં ચલાવવા આદેશ આપી દીધો છે.

# પંચમહાલ જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા ૩.૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત

પંચમહાલ, તા. ૨૩ઃ પંચમહાલ જિલ્લા પુરવઠા અધિકારી અને નાયબ કલેક્ટર, પંચમહાલ ગોધરા અને જિલ્લાની ટીમ દ્વારા છેલ્લા ત્રણ દિવસથી શંકાના આધારે નાનીકાંટડી (બગીડોળ) પરવાનેદાર કામિનીબેન તેજશકુમાર શાહનો દીકરો કુંજ તેજશ શાહ દરરોજ રેશનકાર્ડ ધારકોને ઓછું અનાજ આપી અને વધ પડેલ સરકારી અનાજનો જથ્થો બારોબાર સગેવગે કરવામાં આવતો હતો. તેમની ઈકો ગાડીમાં હેરફેર કરવામાં આવતી હતી. જેવી માહિતી મળી હતી. જેના આધારે સિમલા રોડ પર વોચ-ગોઠવતા ઉક્ત નંબરની ગાડી ૧૭૦૪૪૦ ઈકો ગાડી આવતાં લગભગ ૨.૦૦ કિ.મીનો પીછો કરી ઝડપી પાડી અને તપાસ કરતા નીચે મુજબનો સરકારી જથ્થો જેમાં ઘઉં ૫૦.૦૦ કિલો જેની બજાર કિંમત રૂપિયા ૧,૩૫૦, તથા ચણા ૨૦.૦૦ કિલો જેની બજાર કિંમત રૂપિયા ૧,૮૦૦ અને ૧૨.૦૦ કિલો તેલના પાઉચ પણ મળી આવેલા છે. જેની બજાર કિંમત રૂપિયા ૨,૪૭૨ તેમજ ઈકો ગાડી જેની આશરે કિંમત રૂપિયા ૩,૦૦,૦૦૦ અને એક મોબાઈલ ફોન પણ સીઝ કરેલો છે. જેની બજાર કિંમત રૂપિયા ૧૦,૦૦૦ , આમ કુલ મળી રૂપિયા ૩,૧૫,૬૨૨નો મુદ્દામાલ જપ્ત કરી પરવાને દારનો તાત્કાલિક ૯૦ દિવસ માટે પરવાનો રદ્દ કરવામાં આવેલો હતો અને પરવાનેદાર સામે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# પાટણમાં શાળાનો આચાર્ય બાળકીઓ સાથે કરતો હતો શારીરિક અડપલાં, ભૂલ સ્વિકારી માફી માંગી

પાટણ, તા. ૨૩: રાજ્યમાં શિક્ષણ જગતને લાંછન લગાવતા કિસ્સાઓ અવાર નવાર સામે આવી રહ્યા છે. ગત ૧૯ ઓક્ટોબરે રાજકોટના મોટાવડા ગામે એક વિદ્યાર્થીએ શિક્ષકના ત્રાસથી કંટાળી સુસાઇડ નોટ અને વીડિયો બનાવી આત્મહત્યા કરી લીધી છે. જ્યારે દાહોદના તોરણી પ્રાથમિક શાળાના આચાર્યએ ધોરણ ૧ની માસુમ વિદ્યાર્થીને મોતને ઘાટ ઉતારી દીધી હતી. તો બીજી તરફ કચ્છમાં એક શિક્ષક પોતાની વિદ્યાર્થીને જ લઇ ભાગી ગયો હતો. હજુ ઘટનાઓની શાહી સૂકાઇ નથી ત્યાં તો પાટણના દુનાવાડા પ્રાથમિક શાળાનો આચાર્ય બાળકીઓ સાથે શારીરિક અડપલાં કરતો બનાવી ઘટના સામે આવી હતી.




પ્રાપ્ત માહિતી અનુસાર અનુસાર પાટણ જિલ્લામાં આવેલી દુનાવાડા પ્રાથમિક શાળાના આચાર્યએ ધોરણ ૬માં અભ્યાસ કરતી બાળકી શારીરિક અડપલાં કર્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યા છે. દુનાવાડા શાળાના આચાર્યે એક બે નહીં અનેક બાળકીઓની છેડતી કરી હોવાની ઘટના સામે આવી છે. આ અંગે દલિત સમાજની દીકરીઓએ ઘરે જઇને પોતાના પરિવારજનો આ અંગે જાણ કરતાં સમગ્ર ઘટનાનો પર્દાફાશ થયો હતો.

ઘટનાને ગંભીરતાથી લેતાં વિદ્યાર્થીનીઓના પરિવારજનોએ હારીજ પોલીસ મથકે આચાર્ય પ્રવીણ ભલાભાઇ પટેલ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. લંપટ આચાર્ય વિદ્યાર્થીઓના શરીર પર હાથ ફેરવતો હતો અને ગંદી હરકતો કરતો હતો, આ અંગે કોઇને જાણ કરી તો પરીક્ષામાં નાપાસ કરવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપતો હોવાનો પણ ખુલાસો થયો હતો. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જોકે આ અંગે આચાર્યએ પોતાની ભૂલ સ્વિકારી માફી માંગી લીધી છે. પરંતુ વાલીઓએ આ લંપટ આચાર્ય વિરૂદ્ધ તપાસ કરી કડક કાર્યવાહીની માંગ કરી છે.

શાળામાં ગોવિંદ નટ નામના આચાર્યે બાળકીની હત્યા કરી હતી. આચાર્ય ગોવિંદ નટે શાળાના સમય પહેલાં સવારે તેની માતા પાસેથી લગભગ ૧૦ વાગ્યાની આસપાસ બાળકીને લઈને ગાડીમાં બેસાડી હતી. બાદમાં ગાડીમાં જ તેની સાથે દુષ્કર્મ કરવાનો પ્રયાસ કર્યો હતો. બાળકીએ જ્યારે ત્યાં બૂમાબૂમ કરી તો તે ચીસો ન પાડે તે માટે બે મિનિટ સુધી તેનું ગળું દબાવ્યું, જેનાથી બાળકીનું ગાડીમાં જ મોત નીપજ્યું હતું. આખો દિવસ બાળકીને ગાડીમાં જ રાખવામાં આવી. ગાડીમાં કાળા કાચ હોવાથી ગાડીની અંદર શું છે તે કોઈ જોઈ ન શકે તેથી ગાડીને શાળામાં જ લાવીને પાર્ક કરી દેવાઈ હતી. શાળા છૂટ્યા બાદ આચાર્ય દ્વારા તેને શાળાની અંદર જ ખાડો ખોદીને દફનાવવામાં આવી અને પોલીસને ખોટા રસ્તે દોરવા બાળકીના ચંપલ તેના ક્લાસ રૂમની બહાર મુકી દેવાયા હતાં. પોલીસ સામે ગોવિંદ નટે પોતાનો ગુનો કબૂલી લીધો છે અને હાલ પોલીસ કસ્ટડીમાં છે.

# વિશ્વનું સૌથી મોટું આયોગ-ભારતનું માનવાધિકાર આયોગ

## રાષ્ટ્રીય માનવાધિકાર આયોગનું ફરિયાદ નિકાલ પ્રમાણ ૯૨%, એક પણ માનવ અધિકારનું હનન સાંખી ન લેવા તાકીદ કરતા સ્પેશિયલ મોનિટર ગોયલ

રાજકોટ તા.૨૩: રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગના સ્પેશિયલ મોનિટર શ્રી બાલકૃષ્ણ ગોયલના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા અધિકારીઓની બેઠક યોજાઇ હતી. જેમાં શ્રી ગોયલે જણાવ્યું હતું કે,ગર્ભસ્થ શિશુ થી વૃદ્ધ સુધી તમામના માનવ અધિકારોનું રક્ષણ કરતું રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ દેશનું સર્વોચ્ચ તેમજ વિશ્વનું સૌથી મોટું માનવ અધિકાર સંગઠન છે. તેમણે આયોગની કામગીરી, કાર્યપ્રણાલી તેમજ વ્યવસ્થા વિશે વિગતે જણાવી કહ્યું હતું કે, વર્તમાનમાં આયોગનું ફરિયાદ નિકાલનું પ્રમાણ ૯૨% છે. આયોગ ભારતીય બંધારણની કલમ-૨૧ હેઠળ જીવન જીવવાના અધિકારને સમગ્ર ભારતમાં જાળવી રાખવા તેમજ તેના હનન સંબંધિત કોઈ પણ બાબતને હળવાશથી ન લેવા બાબતે સઘન કાર્યવાહી કરે છે.

શ્રી ગોયલે બાળ કલ્યાણ ગૃહમાં રહેતા બાળકોના આધાર સીડિંગ અને મેડિકલ ચેક અપ નિયમિત કરાવવા પર ભાર મૂક્યો હતો.સાથે જ શાળા ખાતે સલામતી, જેલ, વૃદ્ધાશ્રમો, હોસ્પિટલ વગેરે ખાતે અચાનક આવી પડેલી આપદા અંગે મોકડ્રિલ યોજી તેને તૈયાર કરવા સૂચન કર્યું હતું. બાળમજૂરી અને ઘરકામ કરતાં બાળકો માટે ખાસ ઝુંબેશ ચલાવી ચાઈલ્ડ ટ્રાફિકિંગ થયેલ બાળકને ઓળખી તેનું પુનઃસ્થાપન કરવા પણ તેમણે જણાવ્યું હતું.

શ્રી ગોયલે ઉમેર્યું હતું કે, અધિકારીઓને રૂટીન કામગીરીથી આગળ વધી નવા વિઝનને અમલમાં મુકી ૧૦૯૮ હેલ્પલાઇન તથા શાળાના બાળકોમાં કાયદાકીય સમજ આપવા ઝુંબેશ હાથ ધરવી જોઇએ. પોલીસ સ્ટેશને વિશેષ સુવિધાઓ સાથે બાળકને અનુકૂળ ઘોડિયા સહિતનો અલાયદો વિસ્તાર બનાવી બાળકો સાથે બનતી દુર્ઘટનાઓ અંગે તેમને અનુકૂળ વાતાવરણ ઊભું કરવા પોલીસકર્મીઓને તાકીદ કરી હતી.

બેઠકમાં કલેક્ટર શ્રી પ્રભવ જોશી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી નવનાથ ગવ્હાણે, અધિક કલેક્ટર શ્રી ચેતન ગાંધી, એ.સી.પી મહિલા વિભાગ રાજેશ બારીયા, ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના ડો.પ્રિતેશ પોપટ તેમજ અન્ય સભ્યો, જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી દીક્ષિત પટેલ, જિલ્લા શ્રમ અધિકારીશ્રી ચંદારાણા, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી શ્રી સંતોષ રાઠોડ વગેરે અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પોસ્ટ માસ્તરે એકાઉન્ટ ધારકોના રૂા.૩.૪૮ લાખ જમા કરાવવાના બદલે ઉચાપત કરી

રાજકોટ. તા.૨૩ઃ રિબડા પોસ્ટ માસ્તરે એકાઉન્ટ ધારકોના રૂ.૩.૪૮ લાખ જમા કરાવવાના બદલે પોતાના અંગત ઉપયોગ માટે પોતાના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી ઉચાપત કરતાં ગોંડલ તાલુકા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે હાલ ગોંડલમાં સૈનિક સોસાયટીમાં રહેતાં મૂળ જામનગરના વતની હસમુખભાઈ ભીખાભાઈ ડાભી (ઉ.વ.૫૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે વત્સલ યોગેશ કારીયા (રહે. જોશીપરા, જૂનાગઢ) નું નામ આપતાં ગોંડલ સીટી પોલીસે આઈપીસી કલમ ૪૦૯ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ગોંડલ પોસ્ટ ઓફીસ ડીવીઝનમાં સહાયક અધીક્ષક તરીકે ૨૬ વર્ષથી નોકરી કરે છે. તેમના તાબા હેઠળ મેલ ઓવર્સિર તરીકે ફરજ બજાવતાં સુરેશગીરી બેચરગર ગીરીનામાં દ્વારા રીબડા બ્રાંચ પોસ્ટ માસ્ટર દ્વારા મર્યાદા કરતા વધુ રોકડ રકમ હાથ ઉપર રાખવામાં આવેલ હોવાની જાણ કરાતા તેઓએ રીબડા બ્રાંચ પોસ્ટ ઓફિસની રૂબરૂ મુલાકાત તા.૧૭.૧૧.૨૦૨૩ નાં લેતાં માલુમ પડેલ કે, રિબડા બ્રાન્ચના પોસ્ટ માસ્તર વત્સલ કારિયાએ પોતાની ફરજ પર અનઅધિકૃત રીતે તા. ૧૦.૧૧.૨૦૨૩ થી ગેરહાજર હતાં તેમજ જરૂરી કાયમી દફતરો નિભાવેલ ન હતા.

ત્યારબાદ ગોંડલ હેડ પોસ્ટ ઓફીસ તથા રીબડા બ્રાન્ચમાં વધુ તપાસ હાથ ધરતા ધ્યાનમાં આવેલ કે, વત્સલ કારિયા દ્વારા તા.૦૮-૧૧-૨૩ થી ૧૯-૧૧-૨૩ ના સમય દરમ્યાન તેમને પોસ્ટ ખાતાં દ્વારા આપવામાં આવેલ રીબડા પોસ્ટ ઓફીસનું આરઆઈસીટી મોબાઈલ ડિવાઈસ કે જેમાં બ્રાંચ પોસ્ટ ઓફિસની તમામ નાણાકીય અને ટપાલ વિતરણની કામગીરી ઓનલાઈન પદ્ધતિ કરવામાં આવે છે.તે ડિવાઈસમાં વત્સલ કારીયા દ્વારા પોતાના જ પોસ્ટના બચત ખાતામાં તથા ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંકના અન્ય એક ખાતાધારક ગીરીશ ચૌહાણના ખાતામાં વિવિધ તારીખોમાં રકમ જમા કરેલ, જે જમા રકમ જે તે દિવસે રીબડા પોસ્ટ ઓફીસના સરકારી રેકોર્ડમાં કે ડેઈલી એકાઉટમાં જમા નહિ કરી રકમ પોતાના બચત બેંક ખાતામાંથી પોતાના ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટસ બેંકના ખાતામાં અને ગીરીશ ચૌહાણન બેંકના ખાતામાંથી તેમના બેંક ખાતામાં જમાં રકમ ટ્રાન્સફર કરી પોતાના અંગત ઉપયોગમાં લઇ પોસ્ટ ખાતાના નિયમ વિરુધ સરકારી હિસાબમાં જમા નહિ કરી રૂ.૩,૪૮,૮૦૦ ની ઉચાપત કરી હતી. બનાવ અંગે ગોંડલ તાલુકા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

જો કે, ઉચ્ચ અધિકારીઓ દ્વારા તપાસ હાથ ધરતા ઉચાપત કરેલ રકમ પોસ્ટ માસ્તરે પરત ભરી હોવાનું પણ ફરિયાદીએ જણાવ્યું હતું.

# વેસ્ટ ગેટથી સાધુ વાસવાણી રોડ સુધીની હોટલમાં ચેકીંગ



રાજકોટ, તા. ૨૩ઃ ફૂડ વિભાગની ટીમે વેસ્ટ ગેટ, ૧૫૦ ફૂટ રિંગ રોડ, રૈયા ચોકડી થી સાધુ વાસવાણી રોડ સુધીના વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૩૩ ધંધાર્થીઓને ત્યાં ખાણીપીણીના ૩૩ નમુનાની તપાસ કરી હતી તો બ્રાન્ડેડ સહિતની ૧૦ દુકાનોમાં ફૂડ લાયસન્સ લેવા સૂચના આપી હતી. જે ધંધાર્થીને નોટીસ આપવામાં આવી તેમાં (૧)બિગ બેલી બર્ગર (૨) (૩)શિવાની સેલ્સ (૪)રવિ રેસ્ટોરેન્ટ (૫)ગંગોત્રી ડેરી (૬)રઘુવંશી વડાપાઉં (૭)બંસી પૂરી શાક (૮)રોયલ ભૂંગળા બટેટા (૯)રેવદી મદ્રાસ કાફે (૧૦)શ્રી ફૂડ ઝોનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત (૧૧)ચોર ચાઈનીઝ પંજાબી (૧૨)કુલ્ચા કુઝીન (૧૩)બર્ગર સિંગ (૧૪)યુ.એસ. પીઝા (૧૫)અમૃતસરી હવેલી (૧૬)અર્બન ખીચડી (૧૭)ડોમિનોઝ પીઝા (૧૮)પીઝા હાર્ટ (૧૯)પિંડાઝી મીલ (૨૦)પિઝેરીયા પીઝા (૨૧)સંકલ્પ રેસ્ટોરેન્ટ (૨૨)ફ્રેંકી નેશન (૨૩)બાલાજી થાળ (૨૪)ગ્રેટ બ્રિટન વફલ (૨૫)લા-પીનોઝ પીઝા (૨૬)હોકો ઈટરી (૨૭)બાલાજી ફાસ્ટફૂડ (૨૮)જય ગોપાલ ઘૂઘરા (૨૯)હરિકૃષ્ણ દાળ પકવાન (30)પરિશ્રમ ફૂડ ઝોનમાં તપાસ કરવામાં આવી હતી.

# ભારતના ધનિકોએ ૨૦૨૩માં દેશની બહાર ૨૦ લાખ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું

નવી દિલ્હી, તા. ૨૩ઃ ભારતમાં છેલ્લા દસ વર્ષમાં ગરીબો ગરીબ થઈ રહ્યા છે અને અમીરો અમીર એવા અહેવાલો નિરંતર પ્રકાશિત થયા છે. આ સ્થિતિમાં એક નવો અભ્યાસ આવ્યો છે. આ અહેવાલ અનુસાર ધનપતિઓએ પોતાની ૨૩૫ અબજ ડોલર કે રૂ.૧૯.૭૪ લાખ કરોડની સંપત્તિ વધારે વ્યાપક બને, વધારે વળતર આપે એ માટે ૨૦૨૩ના વર્ષમાં સિંગાપોર અને હોંગકોંગમાં મોકલી દીધી હોવાનો ઘટસ્ફોટ થયો છે. સૌથી મહત્વની વાત છે કે ૨૦૧૯થી ૨૦૨૩ વચ્ચે ૮.૩૪ લાખ ભારતીયોએ દેશની નાગરિકતા છોડી અન્યત્ર વસવાટ કરવાનું પસંદ હોવાનું સરકારે લોકસભામાં સ્વીકાર્યું છે. એટલે એક તરફ ભારતીયો નાગરિકતા છોડી રહ્યા છે અને બીજી બાજુ ધનિકો પોતાની સંપત્તિ વધારે વળતર આપે એટલે અન્ય દેશોમાં રોકાણ કરવા માટે પણ મોકલી રહ્યા છે. સરળ શબ્દોમાં કહીએ તો ભારતીઓની સંપત્તિ અને નાગરીકો બન્ને દેશની બહાર જઈ રહ્યા છે. વિશ્વની અગ્રણી રીસર્ચ સંસ્થા મેકરન્સી એન્ડ કંપનીના રિપોર્ટ અનુસાર દુનિયાના સૌથી વધુ સંપત્તિ ધરાવતા લોકો વધુને વધુ સિંગાપોર અને હોંગકોંગ તરફ રોકાણ માટે નજર દોડાવી રહ્યા છે અને તેમાં ભારતીયો પણ બાકાત નથી.

ટેક્સના નજીવા દર, નાગરિક બનવાની સરળ શરતો અને રોકાણ અંગેની માહિતી ખાનગી રહે એવા ત્રિવિધ ઉદ્દેશથી રોકાણકારો આ ટચૂકડા દેશોમાં લાઈન લગાવી રહ્યા છે. આ રીતે રોકાણ કરવા માટે તેઓ ફેમિલી ઓફિસ વ્યવસ્થાનો સહારો લઈ રહ્યા છે. ફેમિલી ઓફિસ એટલે એવી વ્યવસ્થા જેમાં એક ખાનગી કંપની સ્થાપવામાં આવે છે. આ કંપની ઈન્વેસ્ટમેન્ટ અને વેલ્થ મેનેજમેન્ટ માટે કાર્ય કરે છે જેમની પાસે પાંચ કરોડ કે ૧૦ કરોડ ડોલર (રૂ.૪૦૦ કરોડથી રૂ.૮૦૦ કરોડ) જેટલી સંપત્તિ હોય તેમને જ આ રીતે ખાનગી કંપની ખોલવાની પરવાનગી મળે છે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# ભીમનાથ ગામે ધંધૂકાની RMS હોસ્પિટલના ટ્રસ્ટી ધરમશી પટેલની હત્યા

## ■ આરોપીએ દવા ગટગટાવી, પ્રત્યક્ષદર્શીએ કર્યો ઘટસ્ફોટ

રાજકોટ, તા. ૨૩ઃ પાટીદાર અગ્રણી અને ધંધૂકાની RMS હોસ્પિટલના ટ્રસ્ટી ધરમશી પટેલ (ઉં.૮૮ વર્ષ) ની બરવાળાના ભીમનાથ ગામે કરપીણ હત્યા કરી દેવાતા ચકચાર મચી છે. મળતી માહિતી અનુસાર, ધરમશી પટેલ બોટાદ જિલ્લાના બરવાળા તાલુકાના ભીમનાથ ગામના રહેવાસી હતા અને ગામના જ કલ્પેશ મેર (ઉં.૩૨ વર્ષ) નામના શખસે જીવલેણ હથિયારના ઘા ઝીંકીને હત્યા કરી નાખી. ઘટનાના પગલે પરિવાર, ગામ અને સમગ્ર પંથકમાં શોકનો માહોલ છવાયો છે.



બીજી તરફ, ઘટના બનતા જ તાત્કાલિક પોલીસ ટીમે ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી હતી. જ્યારે આરોપીએ ઝેરી દવા ગટગટાવી છે અને તે હાલ સારવાર હેઠળ છે.

પ્રત્યક્ષદર્શીના જણાવ્યા અનુસાર, ધરમશી પટેલ ભીમનાથ ગામે પોતાના ઘરની બહાર ઊભા હતા. આ દરમિયાન ઘરની નજીકમાં જ રહેતા કલ્પેશ સવજીભાઈ મેર નામનો શખસ ત્યાં પહોંચ્યો અને ધરમશી પટેલ સાથે બોલાચાલી કરી હતી. 'તમે નોકરીનું શું કર્યું, તમે નોકરી ના અપાવી જેના કારણે મારા ત્રણ વર્ષ બગડ્યાં છે' તેવું કહીને ઉશ્કેરાઈ ગયો હતો.

ત્યારબાદ દોડીને તે ઘરે ગયો અને ત્યાંથી દાંતી-લોખંડનો પાઈપ લઈને આવ્યો. આરોપીએ અચાનક હુમલો કરી દેતા ધરમશી પટેલના માથા-ગળામાં ઈજા થઈ હતી અને તેઓ બેભાન થઈને ઢળી પડ્યા હતા. હાજર લોકોએ આરોપી કલ્પેશના હાથમાંથી તીક્ષ્ણ હથિયાર આંચકી લીધું હતું. આરોપી હુમલો કરીને ફરાર થઈ ગયો હતો અને ધરમશી પટેલને ગંભીર ઈજા પહોંચતા તેમને તાત્કાલિક ધોરણે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

બોટાદ એ ઘટના અંગે જણાવ્યું હતું કે, હત્યા અંગે તપાસ ચાલુ છે. આરોપી કલ્પેશ મેરને પોલીસે દબોચી લીધો હતો. જોકે તપાસ દરમિયાન સામે આવ્યું કે બનાવ બાદ આરોપીએ ઝેરી દવા ગટગટાવી લીધી હતી અને તે હાલ સારવાર હેઠળ છે. જોકે, હત્યાનું સાચું કારણ પૂછપરછ બાદ જ સામે આવશે.

# ગૃહમંત્રી અમિત શાહના જન્મદિવસની ધારાસભ્ય ઉદય કાનગડ દ્વારા વિવિધ સેવાકાર્યો થકી ઉજવણી કરાઈ

રાજકોટ,તા. ૨૩ઃ દેશના ગૃહ મંત્રી અને ભાજપના અગ્રણી નેતા શ્રી અમિતભાઈ શાહનો આજે તા.૨૨ ઓકટોબરના જન્મદિવસ છે ત્યારે અમિતભાઈ શાહએ પોતાના જીવનના ૬૦ વર્ષ પુર્ણ કરી ૬૧માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે ત્યારે ધારાસભ્ય ઉદય કાનગડ ધ્વારા અમિતભાઈ શાહના જન્મદિવસ નિમિતે વિવિધ સેવા પ્રકલ્પોના માધ્યમથી ઉજવણી કરવામાં આવેલ હતી. જેમાં શહેર ભાજપ યુવા મોરચા ધ્વારા ઝુંપડપટ્ટીના બાળકોને બિસ્કીટ વિતરણ કરવામાં આવેલ, કિશાન મોરચા ધ્વારા વિકલાંક બાળકોને બટુક ભોજન કરવામાં આવેલ, બક્ષીપંચ મોરચા ધ્વારા હિના ફાઉન્ડેશનમાં મંદ બુધ્ધિ અને અનાથ બાળકોને બટુક ભોજન કરાવવામાં આવેલ તેમજ અનુસુચિત મોરચા ધ્વારા વોર્ડ-૧૫માં આંગણવાડીના બાળકોને કુટ વિતરણ કરવામાં આવેલ હતું. આ તકે વિવિધ મોરચા દ્વારા યોજાયેલ સેવાકાર્યોમાં શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા,યુવા મોરચા, કિશાન મોરચા, બક્ષીપંચ મોરચા, અનસુચિત જાતિના હોદેદારો, કાર્યકર્તાઓ, વોર્ડના કોર્પોરેટરો, વોર્ડ સંગઠનાના વિવિધ શ્રેણીના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



## યુવા મોરચા દ્વારા ઝુંપડપટ્ટીના બાળકોને બિસ્કીટ વિતરણઃ કિશાન મોરચા દ્વારા વિકલાંક બાળકોને બટુક ભોજન

આ તકે ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવેલ કે ભારતીય રાજનીતિમાં અમિતભાઈ શાહની ગણતરી રાજકારણના દિગ્ગજ નેતાઓમાં થાય છે. તેમણે અહીં સુધી પહોંચવા માટે ઘણી મહેનત કરી છે. રાજનીતિની બારીકાઈઓને સમજતા અને સરકાર બનાવવામાં નિપુણતા ધરાવતા અમિતભાઈ શાહને ભાજપના ચાણકય કહેવામાં આવે છે. અંતમાં કેન્દ્રીય ગૃહ, સહકાર મંત્રી, ગાંધીનગર લોકસભાના પ્રજાવત્સલ સાંસદ, ગુજરાતના પનોતા પુત્ર શ્રી અમિતભાઈ શાહને જન્મદિવસની શુભકામના પાઠવતા ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવેલ કે દેશની આંતરિક સુરક્ષાની સ્થિતિને સુદ્દઢ બનાવવામાં તેમજ 'સહકારથી સમૃધ્ધિ' ના સૂત્ર સાથે સહકાર ક્ષેત્રનો અભૂતપૂર્વ વિકાસ સાધવામાં અમિતભાઈ શાહનું યોગદાન અમુલ્ય છે. ત્યારે ગુજરાતના સર્વાંગિ વિકાસમાં અમિતભાઈ શાહનું સતત માર્ગદર્શન મળતુ રહે એવી ઈશ્વર સમક્ષ કામના કરી તેમના સુદીર્ઘ, નિરામય, યશસ્વી જીવનની શુભેચ્છા પાઠવતા ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવેલ હતું.

# પીપળીધામના સેવકે વિકૃતતાની હદ વટાવી ઘરમાં ઘૂસી સગીરાને બાથમાં ભીડી શરીરે અડપલાં કર્યા

## ગાંધીગ્રામ પોલીસે પોકસો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી પાટડીના પીંપળીના મહાવીરસિંહ ઉર્ફે હક્કાની ધરપકડ કરી કાયદાનું ભાન કરાવ્યું

રાજકોટ. તા.૨૩ઃ રાજકોટમાં આવેલ માધાપર ચોકડી નજીક રહેતી ૧૪ વર્ષની સગીરાને પીપળીધામના સેવકે પોતાની વિકૃતતા સંતોષવા ઘરમાં ઘૂસી સગીરાને બાથમાં ભીડી શરીરે અડપલાં કરતાં ચકચાર મચી ગઈ હતી. બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસે પોકસો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી પાટડીના પીપળીધામના મહાવીરસિંહ ઉર્ફે હક્કાની ધરપકડ કરી કાયદાનું ભાન કરાવ્યું હતું.દોઢ વર્ષ પહેલાં ત્યાં મંદિરે સગીરાને મળેલ આરોપીએ પરિચય કેળવી ઈન્સ્ટાગ્રામમાં વાતચીત શરૂ કર્યા બાદ કૃત્ય આચર્યું હતું.

બનાવ અંગે માધાપર ચોકડી નજીકના વિસ્તારમાં રહેતી મહિલાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મહાવિરસિંહ ઉર્ફે હક્કો ભુપેન્દ્રસિંહ ઉર્ફે ભૂપતસિંહ વાઘેલા (ઉ.વ.૨૨),(રહે. પીપળી, પાટડી, મૂળ રામપુરા, માણસા) નું નામ આપતાં ગાંધીગ્રામ પોલીસે પોકસો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓને સંતાનમાં એક પુત્ર અને ૧૪ વર્ષની પુત્રી છે.

તેણીના પતિ માધાપર ચોકડી નજીક નાસ્તાની રેંકડી ચલાવે છે. તેઓ પાંચેક માસ પહેલાં વેકેશનના સમયગાળામાં પાટડી નજીક આવેલ પીપલીધામ મંદિરે સેવા કરવાં માટે ગયાં હતાં. જયાં તેઓ આશ્રમમાં ૧૫ દિવસ સેવા અર્થે રોકાયેલ હતાં. ત્યાં તેણીની સગીર પુત્રી સાથે આરોપીનો પરિચય થયો હતો. જે બાદ બંને ઈન્સ્ટાગ્રામમાં વાતચીત કરતાં હતાં. ૧૫ દિવસ બાદ તેઓ પરીવાર સાથે પરત રાજકોટ ફર્યા હતાં.તેણીની પુત્રી ઈન્સ્ટાગ્રામમાં આરોપી સાથે વાત કરતી હતી ત્યારે તેને પકડી લીધી હતી અને ઈન્સ્ટાગ્રામ ડિલીટ કરાવી નાંખી ઠપકો આપ્યો હતો. બાદમાં બંને વચ્ચે વાતચીત થતી ન હતી.દરમિયાન ગઈકાલે આરોપીએ સગીરાને ફોન કરી હું રાજકોટ તને મળવા આવું છે, તેવું જણાવ્યું હતું. ગઈકાલે તેણી સવારે તેમના પતિ સાથે નાસ્તાની લારીએ ગયેલ હતી.ત્યારે બપોરના સમયે તેણીની પુત્રી ઘરે એકલી હોય ત્યારે આરોપી ઘસી આવ્યો હતો અને દરવાજો ખખડાવ્યો હતો. ત્યારે તેણીની પુત્રીને પોતાનો ભાઈ આવ્યો હોય તેવું લાગતાં દરવાજો ખોલતાં સામે આરોપી ઉભો હતો. આરોપી ધરારીથી ઘરમાં ઘુસી તેણીની પુત્રીને બાથમાં ભીડી કપડા ઉતારી હોઠે કિસ કરી છાતીના ભાગે હાથ નાંખી શરીરે અડપલાં કર્યા હતાં.

ત્યારે ફરિયાદી મહિલા ઘરે પહોંચતા સગીરા ગભરાયેલ હાલતમાં હતી. જેથી તેમને સાંત્વના આપી પૂછતાછ કરતાં સગીરાએ તેમની સાથે થયેલ બનાવ અંગેની વાત જણાવતાં ફરિયાદીની નીચેથી જમીન સરકી ગઈ હતી.



બાદમાં તેણીએ તેના પતિને જાણ કર્યા બાદ પોલીસને પણ જાણ કરતાં દોડી આવેલ ગાંધીગ્રામ પોલીસે આરોપી મહાવીરસિંહ વાઘેલાની ધરપકડ કરી કાયદાનું ભાન કરાવ્યું હતું.વધુમાં ભોગ બનનાર સગીરાએ જણાવ્યું હતું કે, આરોપીએ તેણી સાથે સ્નેપચેટમાં પણ વાત કરી પજવણી કરતો હતો.

મહિલા ઘરે પહોંચી તો આરોપી બાથરૂમમાં સંતાઈ ગયો, ત્યાંથી કાઢી પોલીસને સોંપ્યો

રાજકોટમાં ૧૪ વર્ષની સગીરાને ઘરમાં ઘુસી બાથમાં ભીડી શરીરે અડપલાં કરનાર શખ્સ સગીરાની માતા ઘરે પહોંચી જતાં ડઘાઈ ગયો હતો અને બચવા માટે બાથરૂમમાં સંતાઈ ગયો હતો. પરંતુ સગીરાએ બનાવ અંગે વાત કહેતાં મહિલાએ આરોપીને બાથરૂમની બહાર કાઢી મેથીપાક ચખાડ્યો હતો અને પોલીસને જાણ કરી આરોપીને પોલીસને સોંપ્યો હતો.

# રાજકોટના ફરસાણના ધંધાર્થીઓનું ચેકિંગ કરાયુંઃ ૨૫ નમુના લેબમાં મોકલાયા

## ગાંઠીયા, સેવ, બુંદી, ફુલવડી, ચવાણાના સેમ્પલીંગઃ દિવાળી પૂર્વે નમકીનના પરીક્ષણઃ યુનિ. રોડ, વિશ્વનગર, સરદારનગર, સાધુ વાસવાણી રોડ, પેડક રોડ પર ડ્રાઇવ

રાજકોટ, તા.૨૩ઃ રાજયના ખોરાક અને ઔષધ નિયમન તંત્રની સૂચના મુજબ ઉજવાતા ફૂડ સેફટી પખવાડીયા અંતર્ગત ચાલતી ચેકીંગ ડ્રાઇવમાં મનપા આરોગ્ય વિભાગે તહેવાર પર ધુમ વેચાતા ફરસાણ અને નમકીનના વધુ ૨૫ નમુના લઇ પરીક્ષણ માટે લેબોરેટરીમાં મોકલાવ્યા છે. ફરસાણમાં કલર, હલકા તેલ, દાઝીયા તેલ સહિતની ભેળસેળની તપાસ કરવા પૂરા રાજયમાં હાલ આ અભિયાન ચાલી રહ્યું છે. આરોગ્ય વિભાગે જાહેર કરેલી વિગત મુજબ વિશ્વનગર ખીજડાવાળા રોડ પર આવેલ હરભોલે ફરસાણમાંથી ભાવનગરી ગાંઠીયા, કેનાલ રોડના જોકર ગાંઠીયામાંથી ફાફડા, યુનિ. રોડ જે.કે. ચોક પાસે ચામુંડા ફરસાણમાંથી સેવ, સરદારનગરના યોગી ફરસાણમાંથી ફાફડા, જે.કે.ચોકના બહુચર સ્વીટસમાંથી તીખા ગાંઠીયા, ગીતાનગર ઢોલરીયાનગરના જય સીયારામ ફરસાણમાંથી ફાફડા, સરદારનગરના કૈલાસ ફરસાણમાંથી નાયલોન સેવ, ગાયત્રીનગરના જલિયાણ ફરસાણમાંથી ફાફડા, સ્વામીનારાયણ ચોકની હરીકૃષ્ણ બેકરીમાંથી બુંદી, ગુરૂપ્રસાદ ચોકના ભગવતી નમકીનમાંથી તીખી બુંદી, સંત કબીર રોડ જલ ગંગા ચોક પાસેના ગજાનંદ જોધપુર નમકીનમાંથી સકકરપારા, સૌરાષ્ટ્ર કલા મેઇન રોડના રામદેવ ડેરીમાંથી ફુલવડી અને ચવાણા, શ્રી ઉમિયાજી ફરસાણમાંથી ચવાણુના સેમ્પલ લેવાયા હતા.



આ ઉપરાંત ગોવિંદબાગ શાક માર્કેટ પાસેના ભગવતી ફરસાણમાંથી પાપડી, ગોવિંદ બાગ શાક માર્કેટ પાસેના વીર બાલાજી ફરસાણમાંથી સેવ અને તીખા ગાંઠીયા, રૈયા ચોકડી પાસે જય બાલાજી ફરસાણમાંથી ચવાણુ, સાધુ વાસવાણી રોડના શ્રીનાથજી ફરસાણમાંથી સકકરપારા, સાધુ વાસવાણી રોડના ઉમિયાજી ફરસાણમાંથી પૌવાનો ચેવડો, ઇન્દીરા સર્કલ પાસે આનંદ સ્વીટમાંથી ફુલવડી, યુનિ. રોડ પર ખુશી લાઇવ કેળા વેફર્સમાંથી કેળાની વેફર, પેડક રોડ પ્રજાપતિ નગરમાં આવેલ શ્રીનાથજી ફરસાણમાંથી ખારી બુંદી, ન્યુ ભારત સ્વીટ માર્ટમાંથી ચંપાકલી ગાંઠીયા અને જલારામ સ્વીટમાંથી પાપડી ગાંઠીયાના નમુના લઇ લેબોરેટરીમાં મોકલાયા છે.

# સદસ્યતા અભિયાનમાં રાજકોટ શહેર ભાજપનો લક્ષ્યાંક ૫ લાખને પાર

## સમગ્ર ગુજરાતમાં બીજું સ્થાન મેળવતું રાજકોટ શહેર ભાજપઃ તમામ શ્રેણીના કાર્યકર્તાઓને અભિનંદન પાઠવતા મુકેશ દોશી



રાજકોટ, તા.૨૩ઃ શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાની એક સંયુકત અખબારીયાદીમાં જણાવવામાં આવેલ છે કે ભારતીય જનતા પાર્ટી દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૨૪ ના સપ્ટેમ્બરમાં સદસ્યતા અભિયાનનો પ્રારંભ કરવામાં આવેલ હતો. ભાજપ પાર્ટી માટે સદસ્યતા અભિયાન એ માત્ર જનસંપર્ક અભિયાન નથી, આ અભિયાનને વધુમાં વધુ લોકોને પાર્ટીની વિચારધારામાં જોડાવવાનો છે. કેન્દ્ર સરકારની યોજના અનુસાર રાજયના માન.પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલજીની પ્રદેશ યોજના અનુસાર સદસ્યતા અભિયાન-૨૦૨૪ અંતર્ગત શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીએ રાજકોટ શહેરમાં ૫.૦૦ લાખથી વધુ પ્રાથમિક સદસ્ય બનાવી આ સદસ્યતા અભિયાનને સફળ બનાવવા માટે પ્રદેશ મહામંત્રી અને કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા, રાજકોટ શહેર ભાજપ સંગઠન પ્રભારી પ્રકાશભાઈ સોની, સૌરાષ્ટ્ર ઝોનના સંયોજક કમલેશભાઈ મિરાણી અને માનસીગભાઈ પરમાર સહિતના ભારતીય જનતા પાર્ટીના અગ્રણી આગેવાનો, લોકસભા સાંસદ પરશોતમભાઈ રૂપાલા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, રાજકોટ વિધાનસભા-૬૮ ના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, વિધાનસભા-૬૯ ના ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, વિધાનસભા ૭૦ ના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા અને વિધાનસભા-૭૧ ના ધારાસભ્ય અને કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, રાજકોટ શહેર ભાજપ હોદેદારો, કોર્પોરેટરશ્રીઓ, વોર્ડ પ્રભારી, વોર્ડ પ્રમુખ-મહામંત્રી, શહેરના તમામ મોરચાના પ્રમુખો, વોર્ડની કારોબારી, સદસ્યતા અભિયાનના સંયોજક અને સહસંયોજક, તમામ સમિતિના બુથ સભ્યશ્રીઓ, શહેરના વિવિધ એસોશીએશનો એનજીઓ, વેપારી અને ઉદ્યોગપતિઓ, સમાજના અગ્રણીઓ, ભાજપની વિચારધારા સાથે વર્ષોથી જોડાયેલા સનિષ્ઠ આગેવાનો અને જેના હાથમાં દેશનું ભવિષ્ય છે.

તેવા યુવાનો અને ખાસ કરીને બહેનો સહિત તમામ શ્રેણીના કાર્યકર્તાઓને શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, પ્રદેશ અને રાજકોટ શહેરના સંગઠનના હોદેદારોએ સદસ્યતા અભિયાન લક્ષ્યાંક પાંચ લાખને પાર પહોંચાડવા એક મિશન સ્વરૂપે કામગીરીને સ્વીકારી અને રાજકોટ શહેરને સમગ્ર ગુજરાતમાં પ્રાથમિક સદસ્ય નોંધણીમાં બીજા ક્રમે પહોંચાડી ગૌરવવંતુ સ્થાન બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ તકે પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાએ શહેરના દરેક વોર્ડમાં રહેતા મતદારોએ સદસ્યતા અભિયાનમાં જોડાવવા બદલ અને ભારતીય જનતા પાર્ટી પર વિશ્વાસ વ્યકત કરવા બદલ આભાર વ્યકત કર્યો હતો.

# સોનું ૭૮,૨૩૨ની વિક્રમી સપાટીએ પહોંચ્યું : ચાંદી પણ ૯૭,૨૫૪ પ્રતિ કિલોએ પહોંચી



નવી દિલ્હી, તા. ૨૩ઃ સોનું અને ચાંદી આજે એટલે કે, ૨૨ ઓક્ટોબરે સર્વકાલીન ઉચ્ચતમ સ્તરે પહોંચી ગયા છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન ()ના ડેટા અનુસાર, ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામની કિંમત ૧૮ રૂપિયા વધીને ૭૮,૨૩૨ રૂપિયા થઈ ગઈ છે. આના એક દિવસ પહેલા તેની કિંમત ૭૮,૨૧૪ રૂપિયા પ્રતિ દસ ગ્રામ હતી.

તે જ સમયે, ચાંદીની કિંમતમાં પણ ૩૮૧ રૂપિયાનો વધારો થયો છે અને તે ૯૭,૬૩૫ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યો છે. આના એક દિવસ પહેલા ચાંદી ૯૭,૨૫૪ રૂપિયા પર હતી. આ પહેલા ગઈકાલે પણ સોના અને ચાંદીએ સર્વોચ્ચ સપાટી બનાવી હતી.

દિલ્હી ૧૦ ગ્રામ ૨૨ કેરેટ સોનાની કિંમત ૭૩,૧૫૦ રૂપિયા અને ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાની કિંમત ૭૯,૭૯૦ રૂપિયા છે.

મુંબઈ ૧૦ ગ્રામ ૨૨ કેરેટ સોનાની કિંમત ૭૩,૦૦૦ રૂપિયા અને ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાની કિંમત ૭૯,૬૪૦ રૂપિયા છે. કોલકાતા ૨૨ કેરેટ સોનાના ૧૦ ગ્રામની કિંમત ૭૩,૦૦૦ રૂપિયા અને ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામની કિંમત ૭૯,૬૪૦ રૂપિયા છે.ચેન્નાઈ ૧૦ ગ્રામ ૨૨ કેરેટ સોનાની કિંમત ૭૩,૦૦૦ રૂપિયા અને ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાની કિંમત ૭૯,૬૪૦ રૂપિયા છે.ભોપાલ ૧૦ ગ્રામ ૨૨ કેરેટ સોનાની કિંમત ૭૩,૦૫૦ રૂપિયા અને ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાની કિંમત ૭૯,૬૯૦ રૂપિયા છે. એચડીએફસી સિક્યોરિટીઝના કોમોડિટી અને કરન્સી હેડ અનુજ ગુપ્તાના જણાવ્યા અનુસાર, ભૌગોલિક રાજકીય તણાવ અને તહેવારોની સિઝનની શરૂઆતના કારણે સોનાને ટેકો મળી રહ્યો છે. જેના કારણે આગામી દિવસોમાં સોના-ચાંદીમાં વધારો જોવા મળી શકે છે. આ વર્ષે સોનું ૭૯ હજાર રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ સુધી જઈ શકે છે. સાથે જ ચાંદી પણ ૧ લાખ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી શકે છે. બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ () ના હોલમાર્ક ધરાવતું પ્રમાણિત સોનું હંમેશા ખરીદો. સોના પર ૬ અંકનો હોલમાર્ક કોડ છે. તેને હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન નંબર એટલે કે કહેવામાં આવે છે. આ નંબર આલ્ફાન્યૂમેરિક છે એટલે કે કંઈક આના જેવું છે ૪૫૨૪. હોલમાર્કિંગ દ્વારા એ જાણી શકાય છે કે સોનું કેટલા કેરેટનું છે.

# મનપામાં ૨૧૯ જગ્યા માટે અરજી કરનાર અર્ધો લાખ બેરોજગારો હજુ નોકરીની પ્રતિક્ષામાં



રાજકોટ, તા.૨૩ઃ રાજકોટ મનપાએ ડિસેમ્બર -૨૦૨૩માં જુનિયર કલાર્ક, સિસ્ટમ એનાલિસ્ટ, ગાર્ડન સુપરવાઈઝર, ગાર્ડન આસિસ્ટન્ટ સહિતની ખાલી પડેલ ૨૧૯ ની જગ્યાઓ પર ભરતી બહાર પાડવાની જાહેરાત કરી હતી.

જેમાં તા.૧૦-૧-૨૪ સુધીમા અંદાજીત ૫૦,૦૦૦થી વધુ ઓનલાઈન અરજીઓ આવી હતી. પરંતુ તે બાદ પરીક્ષા ક્યારે લેવાશે એ સ્પષ્ટતા ત્યારથી માંડી અત્યાર સુધી કરવામા આવી નથી જે બાબતને લઈને આજે કોંગ્રેસના પ્રવક્તા અને વિદ્યાર્થીનેતા રોહિતસિંહ રાજપુત સહિતના યુવા અગ્રણીઓએ મ્યુ.કમિશ્નરને રજૂઆત કરી હતી. સાથે આ ભરતી પ્રક્રિયા તુરંત શરૂ થાય તેવી બેરોજગારોના હિતમાં રજૂઆત કરી છે.

કોર્પો.માં આ ભરતી પ્રક્રિયાને આજે ૧૦ -૧૦ મહિના વીત્યા બાદ પણ કોઈ પદાધિકારી કે અધિકારી આ બાબતે મગનુ નામ મરી કેમ નથી પાળતા તે મોટા સવાલો છે. આ ભરતી માટે ઉમેદવારો જે આ પરીક્ષા પાસ કરવા માટે તૈયારી કરી રહ્યા છે તે પણ હવે કંટાળીને આ જાહેર કરેલ ભરતીની પરીક્ષા ક્યારે યોજાશે તે મનપા તંત્રને પૂછતા બંધ ગયા છે.પરીક્ષા પાસ કરી મનપામા સેવા આપવા ઇચ્છુક ઉમેદવારો ચિંતામાં મુકાયા છે કે ભરતીની જાહેરાત ખરેખર સાચી હતી કે છે કે આર્થિક રીતે તંગીનો સામનો કરી રહેલ કોર્પો.એ ઉમેદવારોની ફોર્મની ફીના ઉઘરાણા કરવા માટે જ જાહેર કરી હતી ? કે પછી રાજકોટ મનપા આ ભરતીની પ્રક્રિયા પારદર્શકતાથી પૂર્ણ કરવા સક્ષમ નથી ? ભાજપના નેતાઓ અને અધિકારીઓના સગાઓ અને પરિચિતોને આ નોકરી અપાવવા કોઈ પણ કોકડુ અટવાયુ કે શુ ? તેવા વેધક સવાલો ઉમેદવારોને સતાવી રહ્યા હોય સ્પષ્ટતા કરવા અથવા ઉમેદવારોની ફી પરત કરવી જોઈએ. ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ જેલમા ગયેલ ભ્રષ્ટ અધિકારીઓની કફોડી હાલત જોઈને અન્ય અધિકારીઓ બીકના માર્યા ધડાધડ રાજીનામા આપી રહ્યા છે અને કેટલાય અધિકારીઓ લાંચ લેતા તાજેતરમા ઝડપાતા તે પણ ઘરભેગા થઈ ગયા છે. લોકોના કામો ટલ્લે ચડયા છે.

સત્તામાં બેઠેલા ભાજપના પદાધિકારીઓને જાણે શહેરીજનોની કઈ પડી ના હોય તેમ સદસ્યતા અભિયાનમા અવ્વલ આવવા અને ટાર્ગેટો પૂરા કરવા મસ્તમગ્ન છે. કોન્ટ્રાકટના બદલે કાયમી ભરતીથી ભ્રષ્ટાચાર અટકી શકશે.

ફાયર બ્રિગેડની જેમ આ ભરતી પણ શરૂ કરવાની રજૂઆતમા કોંગ્રેસના પ્રવક્તા રોહિતસિંહ રાજપુત,હાથ સે હાથ જોડોના યૂથ વિંગના પ્રમુખ જીત સોની, સ્ટુડન્ટ વિંગના પ્રમુખ યશ ભીંડોરા, યશ ઊનડકડ, રોનક રવૈયા જોડાયા હતા.

# હવે રાજ્યમાં નવા બ્રિજ વધુ મજબુત થશેઃ નિર્માણ નિયમોમાં કરાયા બદલાવ



■ કોન્ક્રીટ - થીકનેસ માટે નવા ધારાધોરણો અન્ય અનેક માપદંડો માર્ગ - મકાન વિભાગે પરિપત્ર જારી કર્યો

અમદાવાદ, તા.૨૩ઃ ચોમાસા દરમ્યાન રાજ્યમાં બ્રીજ (પુલ) તૂટી પડવા કે ગાબડા પડવા કે ગાબડા પડવાની શ્રેણીબધ્ધ ઘટનાઓને રાજ્ય સરકારે ગંભીર ગણી હોય તેમ નવા નિર્માણ પામતા બ્રિજની ગુણવતા સુધારવા માટે નવા નિયમો ઘડવામાં આવ્યા છે અને માર્ગ-મકાન વિભાગ દ્વારા તેનું નોટીફિકેશન પણ જારી કરવામાં આવ્યું છે. તાજેતરમાં અનેક પૂલ તૂટવા કે ગાબડા પડવાની અનેક ઘટનાઓથી બાંધકામની ગુણવતા તથા જોખમ વિશે ગંભીર સવાલ ઉઠ્યા હતા તેને પગલે આ નવા નિયમો દાખલ કરાયા છે.

અમદાવાદમાં એસપી રીંગ રોડ પર મુમનપરા ફ્લાઈઓવર, હાટકેશ્વર બ્રીજ વગેરેની નબળી ગુણવત્તાનો વિવાદ સર્જાયો હતો. હવે માર્ગ-મકાન વિભાગે બ્રીજ નિર્માણ માટે નવા નિયમો ઘડ્યા છે અને તેમાં ગુણવત્તાને ખાસ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. બ્રીજના ટકાઉપણા તથા સુરક્ષાની પણ ખાસ તકેદારી રાખવામાં આવી છે.

બ્રીજ નિર્માણ માટે ઘડાયેલા નવા માપદંડો પ્રમાણે એમ-૪૦ ગ્રેડના કોન્ક્રીટ સાથે ૧૦૦ એમએમની થીકનેસ (જાડાઇ) ફરજીયાત કરવામાં આવી છે. અગાઉ આ ધોરણ એમ-30 ગ્રેડ કોન્ક્રીટ તથા ૭૫ એમએમની થીકનેસના હતા અર્થાત ૨૫ ટકા વધુ મજબૂત થશે. વિકલ્પમાં જ્વલતશીલ કે ગુંદર કોન્ક્રીટના ઉપયોગની છુટ્ટ રહેશે. આ અપગ્રેડ કોન્ક્રીટથી વધુ સુરક્ષા મળી શકે છે. ઉપરાંત બ્રીજનું આયુષ્ય વધવા સાથે મેઇનટેનન્સ ખર્ચ પણ ઓછો આવશે. કોન્ક્રીટ સહિતના મટીરિયલ્સના વધુ ઉપયોગ ઉપરાંત મોટા બ્રીજનું નિર્માણ એડવાન્સ બેરીંગ સિસ્ટમથી ફરજીયાત કરવામાં આવ્યું છે.

# સ્ટ્રીટ વેન્ડીંગ કમીટીમાં હવે છ ફેરીયાઓને પણ સ્થાનઃ દિવાળી બાદ ચૂંટણી!

■ પ્રથમ વખત હોકર્સને પણ કમીટીમાં લેવા નિર્ણયઃ સરકારની સૂચના પરથી કમિશ્નરે બેઠક કરી

રાજકોટ, તા.૨૩ઃ રાજકોટમાં હોકર્સ ઝોનમાં ધંધો કરતા કે કોર્પો.એ માન્ય કરેલા હોકર્સ (શેરીફેરીયાઓ)ને પણ સરકારી તથા એનજીઓ પ્રતિનિધિઓ સાથે સ્ટ્રીટ વેન્ડર્સ કમીટીમાં સમાવવા નિર્ણય કરવામાં આવ્યો છે. સરકારની સૂચના મુજબની આ પ્રક્રિયા આગળ વધારવા આજે કમિશ્નર દેવાંગ દેસાઇએ વિભાગના અધિકારીઓ સાથે મીટીંગ કરી હતી. હવે દિવાળી બાદ આવા હોકર્સ ઝોનમાંથી કુલ છ પ્રતિનિધિઓને કમીટીમાં સ્થાન આપવામાં આવશે.

શેરીફેરિયાઓની રોજી સાચવવા અને દબાણનો પ્રશ્ન પણ દુર કરવા કોર્પોરેશન દ્વારા અલગ-અલગ વિસ્તારોમાં ૮૭ હોકર્સ ઝોન બનાવવામાં આવ્યા છે. તંત્ર દ્વારા સ્ટ્રીટ વેન્ડીંગ કમિટી પણ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં કોર્પોરેશન સહિત અલગ-અલગ વિભાગોના અધિકારીઓ, સરકાર નિયુક્ત સભ્યો સાથે હોકર્સ ઝોનના ૬ ફેરિયાઓને પણ સભ્ય તરીકે સ્થાન આપવામાં આવશે.

૮૭ હોકર્સ ઝોનમાંથી ૬ સભ્યોની પસંદગી કરવા દિવાળી બાદ કોર્પોરેશન ખાસ ચૂંટણી કરશે. આ પ્રતિનિધિઓ નક્કી કરવા ચૂંટણી યોગ્ય પ્રક્રિયા હોવાનું કમિશ્નરે જણાવ્યું હતું. તમામ હોકર્સ ઝોનમાં થડો ધરાવતા ફેરિયાઓ સાથે મિટીંગ યોજવામાં આવશે અને તેઓને કમિટીની કામગીરી અંગે માહિતગાર કરવામાં આવશે. ત્યારબાદ ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાશે.

હોકર્સ ઝોનની બહાર રેંકડી-કેબિન અને પાથરણા વાળાઓનું દબાણ થઇ જતું હોવાના કારણે દબાણો રહે છે. તંત્ર ચેકીંગ કરે ત્યારે દબાણ દુર થઇ જાય છે અને બાદમાં ફરી થઇ જાય છે. આવા ઘણા પ્રશ્નોનો ઉકેલ લાવવાનો છે. આગામી દિવસોમાં દબાણ હટાવની કામગીરીનો સ્ટાફ વધારવામાં આવશે.

હોકર્સ ઝોનની બહાર દબાણના કારણે ટ્રાફિક સહિતની સમસ્યાઓ સર્જાઇ છે. જેનો કાયમી નિવેડો લાવવા માટે સતત રાઉન્ડ લગાવવામાં આવશે અને ઝોન બહાર ખડકાતા દબાણો દૂર કરવામાં આવશે સાથે જ ફેરીયાઓ સાથે સંકલન કરીને હોકર્સ ઝોનમાં જ ટુ વ્હીલર માટે પાર્કિંગ સુવિધા પણ ઉભી કરવા આયોજન કરાશે.

# પશ્ચિમ રેલવેનું વડોદરા મંડળ ૧૮ સ્ટેશનોનું કાયાકલ્પ કરશે

વડોદરા, તા.૨૩ઃ પશ્ચિમ રેલ્વેએ ૧૨૪ રેલ્વે સ્ટેશનોને પુનઃવિકાસ કરવાની મહત્વાકાંક્ષી યોજના શરૂ કરી છે. જેનો ઉદ્દેશ્ય મુસાફરોને અત્યાધુનિક સુવિધાઓ અને વધુ સારી સુવિધાઓ પૂરી પાડવાનો છે. આ પુનઃવિકાસ પ્રોજેક્ટમાં મુંબઈ સેન્ટ્રલ મંડળ ના 30 સ્ટેશન, વડોદરા મંડળના ૧૮, રતલામના ૧૯, અમદાવાદ અને ભાવનગર મંડળના ૨૦-૨૦ સ્ટેશન અને રાજકોટ મંડળના ૧૭ સ્ટેશનનો સમાવેશ થાય છે. સ્ટેશનોને આધુનિક સુવિધાઓ અને વિશ્વ કક્ષાની ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે અપગ્રેડ કરવામાં આવશે, જેથી મુસાફરો માટે મુસાફરીના અનુભવમાં સુધારો થશે અને રેલવે કામગીરી વધુ કાર્યક્ષમ બનશે. તે જ દિશામાં વડોદરા મંડળ માં ગુજરાતમાં આવેલા ડાકોર, પ્રતાપનગર અને ગોધરા સ્ટેશનના અપગ્રેડેશનની કામગીરી ઝડપથી આગળ વધી રહી છે. આ પહેલનો ઉદ્દેશ્ય મુસાફરોની સુવિધાઓમાં સુધારો,ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપતી વખતે પર્યાવરણીય સ્થિરતા સુનિશ્ચિત કરવાનો છે. ડાકોર સ્ટેશનને અંદાજે રૂ. ૬ કરોડના ખર્ચે અમૃત સ્ટેશન તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે. અપગ્રેડેશન કાર્યમાં મુસાફરોની સુવિધાઓ સુધારવા માટે આધુનિક વેઈટિંગ રૂમ અને રેસ્ટરૂમ, સુધારેલ શૌચાલય અને પીવાના પાણીના કિઓસ્કનો સમાવેશ થાય છે. તેમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટનો પણ સમાવેશ થાય છે, જેમ કે કવર્ડ શેડનું બાંધકામ, વધારાના ફૂટ ઓવર બ્રિજ (એફઓબી), વધુ ટ્રેનો અને મુસાફરોને કાર્યક્ષમ રીતે હેન્ડલ કરવા માટે પ્લેટફોર્મનું અપગ્રેડેશન. સુલભતા સુધારવા માટે એસ્કેલેટરની જોગવાઈ પણ કરવામાં આવી રહી છે. પીક અવર્સ દરમિયાન ભીડનું સંચાલન કરવા માટે વધારાના પ્રવેશ/બહાર નીકળવાના સ્થળોની સ્થાપના કરવામાં આવી હતી. સ્ટેશનની ડિઝાઇનમાં ભીંતચિત્રો અને શિલ્પો સહિત સ્થાનિક કલા અને સંસ્કૃતિને પ્રતિબિંબિત કરતા તત્વોનો સમાવેશ થશે.

# બીજા દિવસે પણ હેલ્મેટ ઝુંબેશઃ સરકારી કચેરીઓ, હાઈવે ચોકડી જેવા સ્થળોએ ચેકિંગ

## માધાપર, ગોંડલ, ગ્રીનલેન્ડ, આજીડેમ ચોકડી ઉપરાંત મોટાભાગની સરકારી કચેરી, શ્રોફ રોડ સહિતના માર્ગો પર તવાઈ સંખ્યાબંધ વાહનચાલકો દંડાયા





રાજકોટ, તા.૨૩ઃ શનિવારે સરકારે એક પરિપત્ર જાહેર કર્યો હતો, જેમાં સરકારી કચેરીએ ટુ વ્હીલર પર આવતા તમામ સરકારી બાબુઓએ ફરજિયાત હેલ્મેટ પહેરવું તેવી સૂચના આપવામાં આવી હતી. જે બાદ ગઈકાલે ઓફિસ ખુલવાના સમયે રાજકોટની તમામ સરકારી કચેરીઓ બહાર ટ્રાફિક પોલીસે ખાસ હેલ્મેટ ઝુંબેશ હાથ ધરી હતી. જે આજે પણ યથાવત રહી હતી અને કોર્પોરેશન, બહુમાળી ભવન અને કલેક્ટર કચેરી સહિતની સરકારી કચેરીમાં કેટલાય કચેરી દંડાયા હતાં.

આજે પણ ટ્રાફિક પોલીસ દ્વારા સવારથી જ તમામ સરકારી કચેરીઓમાં હેલ્મેટ ડ્રાઈવ ગોઠવવામાં આવી હતી. જેમાં કોર્પોરેશન, બહુમાળી ભવન અને કલેક્ટર કચેરી સહિતની સરકારી કચેરીમાં આવતાં કેટલાય કર્મચારીઓ દંડાયા હતાં અને પોલીસે હેલ્મેટ વિરોધી ડ્રાઈવ યથાવત રાખી હતી. જો કે, કેટલાય કર્મચારીઓ આજે પણ હેલ્મેટ ન પહેરી આવી પોલીસને અવનવા બહાનાં બતાવી બચવાનો પ્રયાસ કર્યો હતો.

જે અંગે ડીસીપી ટ્રાફિક પૂજા યાદવે સાંજ સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, હાઈકોર્ટેના આદેશ અનુસાર સોમવારથી સરકારી કચેરીઓમાં ખાસ હેલ્મેટ પહેર્યા વગર આવતાં કર્મચારીઓ વિરુદ્ધ કાર્યવાહી કરી રૂ.૫૦૦ નો દંડ કરવામાં આવ્યો હતો. જેમાં ગઈકાલે અંદાજીત ૪૦૦ થી વધુ અધિકારી-કર્મચારીઓને ટ્રાફિક નિયમ ભંગનો મેમો ફટકારવામાં આવ્યો હતો અને રૂ.૪.૨૬ લાખ જેટલો દંડ કરવામાં આવ્યો હતો. આજે પણ શહેરની તમામ સરકારી કચેરીઓમાં હેલ્મેટ ડ્રાઈવ યથાવત રાખવામાં આવી છે.

ઉપરાંત શહેરના બ્લેક સ્પોટ કહેવાતા સ્થળો જેવા કે, કુવાડવા રોડ, આજીડેમ ચોકડી, ગોંડલ ચોકડી, માધાપર ચોકડી, બેડી ચોકડી, ઘંટેશ્વર સહિતના સર્કલો જ્યાં અકસ્માતની ઘટના ઘટવાની સાથે મોત થવાના વધુ બનાવો બને છે, ત્યાં પણ હેલ્મેટ ડ્રાઈવ અને કાર બેલ્ટ ડ્રાઈવ રાખવામાં આવી છે. લોકો પણ હેલ્મેટ પહેરી પોતાની સુરક્ષા નિશ્ચિત કરે તેવી પહેલ પણ કરી હતી.તેમજ જણાવ્યું હતું કે, પ્રથમ વખત હેલ્મેટ પહેર્યા વગર પકડાયેલ લોકો જે વાહન ઉપર હશે તેની માહિતી મેમા માં આવી જશે બાદમાં ફરીવાર તે જ વાહન લઈ કોઈ અન્ય વ્યક્તિ નીકળ્યો હશે અને તે વ્યક્તિએ હેલ્મેટ નહીં પહેર્યું હોય તો પણ તેમના વિરુદ્ધ દંડની કાર્યવાહી તો થશે જ પણ તેને રિફંડ પણ મળી શકે છે.

ટ્રાફિક પોલીસે ગઈકાલથી હેલ્મેટ ડ્રાઈવની શરૂઆત સરકારી કચેરીઓથી કરી હતી. જેમાં પોલીસ કમિશ્નર કચેરી અને એસપી કચેરી સહિતની કચેરીમાં ડ્રાઈવ યોજી અનેક હેલ્મેટ પહેર્યા વગર આવતાં કર્મચારીઓ દંડાયા હતાં. ત્યારે આજે બપોરે પોલીસ કમિશ્નર કચેરીએ કોઈ ટ્રાફિક પોલીસ હેલ્મેટ ડ્રાઈવ માટે હાજર ન હતી અને કેટલાય લોકો હેલ્મેટ પહેર્યા વગર પ્રવેશ્યા હતાં. આજે બીજા દિવસે ટ્રાફિક પોલીસે જિલ્લા કલેક્ટર કચેરીના મુખ્ય પ્રવેશદ્વાર પર અડીંગો જમાવી તપાસણી કરી હતી.જેમાં એક ડઝન જેટલા કર્મચારીઓની સાથે અરજદારો પણ ઝપટે ચડી ગયા હતાં જેઓને ધડાધડ દંડ ફટકારવામાં આવેલ હતાં.

# ભાડુઆતની નોંધણી ન કરાવનારાઓ સામે પોલીસનું અભિયાન ૨૫૧૫ સામે કાર્યવાહી

## ■ સૌથી વધુ સુરતમાં ૬૨૫, અમદાવાદમાં ૨૧૬, રાજકોટમાં ૧૫૧ ભાડુઆતો - માલિકો સામે કાર્યવાહી

ગાંધીનગર, તા.૨૩ઃ રાજ્યમાં ૧૩થી ૧૮ ઓક્ટોબર દરમિયાન ભાડૂઆત નોંધણી અંગે હાથ ધરાયેલ ખાસ ઝુંબેશમાં, રાજ્યના કુલ-૩૦૩૦૫ ભાડુઆતોને ચેક કરીને નોંધણીના નિયમોનું પાલન ન કરનારા કુલ-૨૫૧૫ ભાડુઆતો-માલિકો વિરુધ્ધ પોલીસે કાયદેસર કાર્યવાહી કરી છે.

જેમાં સૌથી વધુ સુરતમાં ૬૨૫, અમદાવાદમાં ૨૧૬, વડોદરામાં ૧૪૮, રાજકોટમાં ૧૫૧, આણંદમાં ૧૨૩, ખેડા-નડિયાદમાં ૧૦૪, ગાંધીનગરમાં ૧૮, સાબરકાંઠામાં ૯૧, ભરૂચમાં ૪૩૪, કચ્છમાં ૧૪૬, અરવલ્લીમાં ૩, છોટા ઉદેપુરમાં ૨૦, પંચમહાલમાં ૭૬, મહિસાગરમાં ૨૫, વલસાડમાં ૭૦, દેવભૂમિ દ્વારકામાં ૫૧, સુરેન્દ્રનગરમાં ૭૪, મોરબીમાં ૪૨, નવસારી અને તાપી વ્યારામાં ૧૨-૧૨, જામનગરમાં ૮, જૂનાગઢમાં ૩૪, ગીર સોમનાથમાં ૩, બનાસકાંઠામાં ૧૨, પાટણમાં ૭, ભાવનગરમાં ૧૦ ભાડુઆતો-માલિકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

રાજ્યમાં ગુજરાત પોલીસ હેઠળ ઓફલાઈન-ઓનલાઈન માધ્યમ થકી ભાડૂઆત નોંધણી કરાવી શકે છે. જેમાં ઓફલાઈન રજિસ્ટ્રેશન માટે વ્યક્તિએ કાયમી સરનામાનો પુરાવો, ઓળખનો પુરાવો, નાગરિકતાની માહિતી, ભાડા કરાર, વૈવાહિક સ્થિતિની માહિતી, સંપર્ક નંબર, પાસપોર્ટ સાઈઝનો ફોટો સહિતના ડોક્યુમેન્ટ લઈને સ્થાનિક પોલીસ સ્ટેશનમાં રૂબરૂમાં જઈને ફોર્મ ભરવાનું રહેશે.

જ્યારે ગુજરાત સિટીઝન ફર્સ્ટ એપ્લિકેશનના માધ્યમથી ઘરે બેઠાં ઓનલાઈ નોંધણી કરાવી શકાય છે. ભાડૂઆત નોંધણીના નિયમોનું ચૂસ્તપણે પાલન કરવા સહિત દરેકને સુરક્ષિત રાખવા હેતુ ગુજરાત પોલીસ દ્વારા રાજ્યભરમાં ૧૩થી ૨૭ ઓક્ટોબર ૨૦૨૪ દરમિયાન ભાડૂઆત નોંધણી અંગે ખાસ ડ્રાઈવ શરૂ કરી છે.

# અમદાવાદ - જેદ્દા સહિત ૩૦ ફ્લાઈટ અને અનેક CRPF સ્કુલોમાં બોમ્બની ધમકી

## દિલ્હી અને હૈદરાબાદ સહિતની CRPF શાળાઓમાં બોમ્બ હોવાની ધમકી મળતા વિદ્યાર્થીઓને સલામત કરાયા

નવી દિલ્હી, તા.૨૩ઃ દેશમાં હવાઈ સેવા સહિતના સ્થળોએ બોમ્બની ધમકીનો સીલસીલો ચાલુ રહ્યો છે અને ગત સપ્તાહએ જ દિલ્હીમાં જે સીઆરપીએફ સ્કૂલ પાસે ઓછો શક્તિશાળી વિસ્ફોટ થયો હતો તે અને સીઆરપીએફની અન્ય સંખ્યાબંધ શાળાઓમાં બોમ્બ હોવાની ધમકી ઈ-મેઈલથી મળતા તૂર્ત જ અહીં શાળાઓ ખાલી કરાવાઈ હતી અને બોમ્બ શોધક ટુકડીઓ પહોંચી ગઈ હતી.

આ અંગે મળતી પ્રાથમિક વિગત મુજબ ગઈકાલે મોડી રાત્રે શાળાઓના મળેલા ઈ-મેઈલમાં ધમકી આપવામાં આવી હતી જેમાં દિલ્હી અને હૈદ્રાબાદની શાળાઓને મળેલા ઈ-મેઈલ જાહેર થયા છે અને અન્ય સીઆરપીએફ શાળાઓને આ પ્રકારની ધમકી મળ્યાના અહેવાલ છે.



દિલ્હી સહિતની પોલીસ તેમાં હવે તપાસ કરી રહી છે. તો બીજી તરફ આજે વધુ ૩૦ ફ્લાઈટને બોમ્બ હોવાની ધમકી મળી હતી. જેમાં અમદાવાદ, જેદ્દા ફ્લાઈટનો પણ સમાવેશ થાય છે.

દેશમાં વિમાની સેવા સામે સતત ધમકીભર્યા મળી રહેલા કોલમાં આજે પણ વધુ ૩૦ ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકી મળતા જ અફડા તફડી સર્જાઈ ગઈ હતી. ઈન્ડીગો, વિસ્તારા અને એર ઈન્ડિયાની અલગ-અલગ ફ્લાઈટમાં બોમ્બની ધમકી મળી હતી.

સોમવાર રાત્રિથી જ આ ધમકીભર્યા ફોન મળવાનું ચાલુ થયું હતું અને તેમાં બેંગ્લુરુથી મુંબઈ, અમદાવાદથી જેદ્દા, હૈદરાબાદથી જેદ્દા અને લખનૌથી પુના જતી ઈન્ડીગોની ફ્લાઈટમાં ધમકીભર્યા ફોન મળ્યા હતા અને તેમાં ફ્લાઈટને તૂર્ત જ અલગ-અલગ એરપોર્ટ પર સલામત કરવામાં આવી હતી.

તો બીજી તરફ એર ઈન્ડિયાની ફ્લાઈટને પણ આ પ્રકારે ધમકીભર્યા ફોન મળ્યાનું બહાર આવ્યું છે. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ જણાવ્યું કે આ પ્રકારની તમામ ધમકીઓ પોકળ પુરવાર થઈ છે પરંતુ આપણે તેને ગંભીરતાથી લેવી જરુરી છે.

મુસાફરોના જીવન સાથે કોઈપણ જાતની ઢીલાશ ચલાવી લેવાશે નહીં. છેલ્લા ત્રણ દિવસમાં ૧૨૦ જેટલી ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકી મળી હતી અને તેમાં વિમાની સેવાને ભારે અસર થઈ છે.

# રાજકોટ જિલ્લાના ગરીબોને ૫૪૮૩૦ ટન ચોખા અને ૪૩૨૪૮ ટન ઘંઉનું વિતરણ કરાયું

■ **પી.એમ.જી.કે.એ.વાય. યોજના હેઠળ વર્ષ ૨૦૨૮ સુધી વિનામૂલ્યે અનાજ વિતરણ કરાશે**

રાજકોટ,તા.૨૩ઃ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (પી.એમ.જી.કે.એ.વાય.) હેઠળ દેશભરના ગરીબોને વિનામૂલ્યે અનાજ વિતરણ કરાઈ રહ્યું છે. રાજકોટ જિલ્લામાં એપ્રિલ-૨૦૨૩થી લઈને ઓગસ્ટ-૨૦૨૪ સુધીમાં ગરીબોને ૫૪,૮૩૦ મેટ્રિક ટન ચોખા, ૪૩,૨૪૮ મે. ટન ઘઉંનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ (એન.એફ.એસ.એ.) હેઠળ રાજકોટ જિલ્લામાં કુલ ૩ લાખ, ૨૨ હજાર, ૯૩૮



રેશનકાર્ડ નોંધાયેલા છે. જેમાં ૧૩ લાખ, ૧૫ હજાર ૬૨૩ નાગરિકોનો સમાવેશ થયેલો છે.

રાજકોટ જિલ્લામાં એપ્રિલ ૨૦૨૩થી લઈને માર્ચ-૨૦૨૪ સુધીમાં ૩૦,૫૬૫ મેટ્રીક ટન ઘઉં, ૩૭,૩૯૩ મે. ટન ચોખાનું વિનામૂલ્યે વિતરણ કરાયું છે. જ્યારે ૭૬૨.૪૧ મે. ટન તુવેરદાળ ઉપરાંત ૧,૭૬૮ મે. ટન ખાંડ, ૨૦૨૨ મે. ટન મીઠું ઉપરાંત ખાદ્યતેલના ૫૭૧ પાઉચનું વ્યાજબી ભાવે વિતરણ કરવામાં આવ્યું છે.

ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલ ૨૦૨૪થી લઈને ઓગસ્ટ ૨૦૨૪ સુધીમાં ૧૨,૬૮૩ મે. ટન ઘઉં, ૧૭,૪૩૭ મે. ટન ચોખાનું વિનામૂલ્યે વિતરણ કરાયું છે. જ્યારે ૬૨૭ મે. ટન ખાંડ, ૫૨૯ મે. ટન મીઠું તેમજ ૨૭૮ લીટર ખાદ્યતેલના પાઉચનું વ્યાજબી ભાવે વિતરણ કરવામાં આવ્યું છે.

# કોલેજોના વિદ્યાર્થીઓને પ્રોવિઝનલ સનદ ઈશ્યુ કરવા ગુજરાત બાર કાઉન્સિલને હાઈકોર્ટનો આદેશ

રાજ્યની સરકારી અનુદાનિત જુદી જુદી લો કોલેજોમાં અભ્યાસ કરીને કાયદામાં સ્નાતક થયેલા વિદ્યાર્થીઓ દ્વારા ગુજરાત હાઇકોર્ટ સમક્ષ થયેલી રિટ અરજીની સુનાવણીમાં જસ્ટિસ અનિરૃધ્ધા માયીએ એક મહત્ત્વના આદેશ મારફતે અરજદાર લો કોલેજોના વિદ્યાર્થીઓને પ્રોવીઝનલ સનદ ઇશ્યુ કરવા ગુજરાત બાર કાઉન્સીલને વચગાળાનો હુકમ કર્યો છે. આ હુકમના કારણે રાજ્યના ૫૫૦૦ જેટલા વિદ્યાર્થીઓને ફાયદો થશે. તેઓ આગામી તા.૨૫મી નવેમ્બરે બાર કાઉન્સીલ ઓફ ઇન્ડિયા દ્વારા લેવાનારી ઓલ ઇન્ડિયા બાર એક્ઝામમાં બેસી શકશે.




આ બાબતે ગુજરાત બાર કાઉન્સીલનાં સૂત્રો દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ગુજરાત હાઇકોર્ટના આ હુકમને પગલે હવે ગુજરાત બાર કાઉન્સીલ દ્વારા આવતીકાલથી જ ઉમેદવારોને પ્રોવીઝનલ સનદ નંબર આપવાનું શરૃ કરાશે. આ માટે વધારાનો સ્ટાફ પણ કામે લગાડાશે કે જેથી તેઓને ઝડપથી સનદ મળી શકે અને તેઓ ઓલ ઇન્ડિયા બાર એક્ઝામના ફોર્મ તાત્કાલિક ભરી શકે. વળી, ઓલ ઇન્ડિયા બાર એક્ઝામની ફોર્મ ભરવાની છેલ્લી તારીખ તા.૨૫ ઓક્ટોબર હતી, તે લંબાવીને તા.૩૧ ઓક્ટોબર,૨૦૨૪ કરાઇ છે. લો કોલેજ તરીકે બાર કાઉન્સીલ ઓફ ઇન્ડિયાની કાયદેસર માન્યતા નહી હોવાથી વિદ્યાર્થીઓને સનદ આપવાનો ઇન્કાર કરવામાં આવતા તેઓએ હાઇકોર્ટમાં અરજીઓ કરી હતી.

એમદાવાદની એમ.એન.લો કોલેજ, ડી.ટી.લો કોલેજ, વિવેકાનંદ લો કોલેજ, ડી.એલ. કોલેજ, ભુજ, વી.ટી.ચોકસી લો કોલેજ, સુરત, દિનશા ડબુ લો કોલેજ, નવસારી સહિતની જુદી જુદી ગ્રાંટેડ લો કોલેજોના એકસોથી વધુ વિદ્યાર્થીઓ તરફથી કરાયેલી રિટ અરજીમાં રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, અરજદાર વિદ્યાર્થીઓએ ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાણ ધરાવતી કોલેજોમાંથી ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યુ હતુ.

બાદમાં આ લો કોલેજમાં એલએલબીમાં પ્રવેશ મેળવ્યો હતો. અરજદારોએ ત્રણ વર્ષનો એલએલબીનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ગુજરાત બાર કાઉન્સીલમાં પ્રોવીઝનલ સનદ માટે એપ્લાય કર્યું પરંતુ તેઓને પ્રોવીઝનલ સનદ પૂરી પાડવામાં આવી નહી ત્યારે અરજદારોને જાણ થઇ કે, પાછલા કેટલાક વર્ષોથી આ લો કોલેજો બીસીઆઇનું માન્યતા ધરાવતી ન હતી. આ લો કોલેજો તરફથી બીસીઆઇની માન્યતા મેળવાઇ નથી, તેમાં વિદ્યાર્થીઓનો કોઇ વાંક જ નથી. તેમછતાં હવે બીસીઆઇની માન્યતાના અભાવે હજારો વિદ્યાર્થીઓની પ્રોવીઝનલ સનદ અટવાઇ છે. પ્રોવીઝનલ સનદ વિના અરજદારો વકીલાતની કામચલાઉ પ્રેક્ટીસ કે અનુભવ મેળવી શકે નહી તેવી કફોડી સ્થિતિ બની છે. તો પ્રોવીઝનલ સનદ વિના અરજદાર ઉમેદવારો બાર કાઉન્સીલ ઓફ ઇન્ડિયા દ્વારા લેવાતી ઓલ ઇન્ડિયા બાર એક્ઝામમાં પણ બેસી શકે તેમ નથી. આથી તેઓને સનદ મળવી જોઇએ.

# વ્યાજખોરોએ રૂા.૧.૪૦ કરોડના બદલે ૨.૫૦ કરોડનું કારખાનું લઈ લીધા બાદ પણ ધમકી આપી

## અંતે પોલીસ કમિશ્નરને અરજી કરતાં કુવાડવા રોડ પોલીસે છ શખ્સો સામે ગુનો નોંધ્યો

રાજકોટ. તા.૨૩ઃ શહેરમાં વ્યાજખોરો બેફામ બન્યા છે.સોખડા ગામે ગેસ પ્લાન્ટની પાછળ શ્રી હરી ઇન્ડસ્ટ્રીઝમાં કારખાનું ધરાવતાં રમેશભાઇ ડાભીએ ધંધો વિકસાવવા છ વ્યાજખોર પાસેથી કરોડો રૂપિયા લીધાં બાદ કોરોનાકાળમાં મંદી આવતાં વ્યાજ ચૂકવી ન શકતા વ્યાજખોરોએ રૂ.૧.૪૦ કરોડના બદલે ૨.૫૦ કરોડનું કારખાનું લઈ લીધા બાદ પણ ધમકી આપતા ત્રાસથી કંટાળી યુવાને ઝેર પી આપઘાતનો પ્રયાસ કરતાં તેને સારવારમાં ખસેડવામાં આવ્યાં હતાં.

બનાવ અંગે કુવાડવા રોડ પોલીસે મનીલેન્ડ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.બનાવ અંગે રાજકોટના સોખડા ગામે ગેસ પ્લાન્ટની પાછળ શ્રી હરી ઇન્ડસ્ટ્રીઝ પાસે રહેતાં રમેશભાઇ ભીમજીભાઇ ડાભી (ઉ.વ. ૪૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે વિજય વશરામ રાઠોડ, સંજય રમેશ રાઠોડ, મહેશ કેશુ ગોરીયા (રહે. ત્રણેય સોખડા), પ્રતિપાલસિંહ ગિરિરાજસિંહ જાડેજા (રહે. ઉદયનગર-૧,શેરી નં.૧૭) અને છત્રપાલસિંહ જાડેજા (રહે. રાજકોટ)નું નામ આપતાં કુવાડવા રોડ પોલીસે મનીલેન્ડ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ઇમીટેશનનુ કામ કરે છે. તેમજ સોખડા ગામે તેમની માલીકીની જમીનમાં કૈલાશ વેક્સ એટેન્ડ મેન્યુફેકચર નામથી ઈમીટેશન કામનુ બંગડીના પાઈપ તથા વૈકસ (મીણ) બનાવવાનુ કારખાનુ ચલાવતાં હતાં, જે કારખાનુ હાલ બંધ છે. બંન્ને કારખાનાના એકાઉન્ટ અલગ અલગ છે. કારખાનાની પાછળ તેમનું મકાન આવેલ છે.

તેઓ છેલ્લા તેર વર્ષ પહેલાથી ઈમીટેશનનુ કારખાનુ ચલાવી ધંધો કરતાં હોય અને ધંધો વધી જતા મોટો પ્રોજેક્ટ શરૂ કરવાં વર્ષ ૨૦૧૭ માં સોખડા ગામના સ.નં. ૧૦૩ વાળી જમીનના શ્રી હરી ઈન્ડસ્ટ્રીઝ પાર્કના પ્લોટ નં. ૨૬-૨૭ ની ૧૧૨૪ વાર જમીન ખરીદ કરેલ હતી. જેમાં બાંધકામનો રૂ.૧.૯૦ કરોડનો ખર્ચો થયેલ જેથી પૈસાની જરુર પડતા બેંકમાંથી રૂ.૯૯ લાખની લોન લીધેલ અને બે વર્ષ સુધી બાંધકામમાં નીકળી ગયેલ. બીજા કારખાના માટે પ્રોજેક્ટ લોન રૂ.૧.૭૭ કરોડ લોન બેંકમાં મુકેલ પણ બાંધકામ પુરૂ થયેલ ન હોય જેથી લોન થઈ શકે તેમ ન હોવાથી અધૂરું બાંધકામ પુરુ કરવા તેમજ ધંધાના રોકાણ માટે રૂપીયાની જરુર પડતા જે તે વખતે કારખાના માટે જમીન ખરીદ કરેલ ત્યારથી સોખડા ગામના વીજય રાઠોડ સાથે ઓળખાણ થયેલ અને તેને રૂપીયા એકાદ કરોડની જરુર છે તેમ વાત કરતા તેણે કહેલ કે, મારી પાસે આટલા રૂપીયા થાય એમ નથી બીજા પાસેથી બે ટકે વ્યાજે લેવડાવી દઇશ તેમ કહેલ હતું. બાદમાં વિજય રાઠોડે કહેલ કે, મારા પિતાએ જમીન વેચેલ જેના રૂપીયા આવેલ હું તેને પુછીને કહું કહ્યા બાદ વીજય રાઠોડ અને તેના ભત્રીજા સંજય રાઠોડ તેમના કારખાને આવી. રૂ.૧ કરોડ રોકડા આપી ગયેલ અને કહેલ કે, દર મહીને બે ટકા લેખે વ્યાજ આપજો તેમ વાત કરી પૈસા લીધા હતા.જે બાબતે સ્ટેમ્પ ઉપર ઉછીના રૂપીયા લીધેલનું અલગ અલગ વખાણ કરી આપેલ હતું.

પરંતુ કારખાનું વહેચાયેલ નહી, આ દરમ્યાન વીજય અને સંજય બંન્ને મને તુ ગમે તેમ કરી અમારા રૂપીયા આપી દે તેમ કહી અવાર નવાર દબાણ કરતા હોય પરંતુ તેઓ તેની પાસે સમય માગતો રહેતો હતો. બાદમાં પોણા બે વર્ષ પહેલા ત્રણેય તેમના ઘરે આવી કહેલ કે, તું તારું તારા કારખાનાની કીંમત સાડા ત્રણ કરોડ થાય તેમ કહી તેણે કારખાનુ સરસ્તામાં પડવી લેવાનુ હોય.

# પ્રહલાદ પ્લોટના સોની વેપારી પ્રૌઢને છરીના ઘા ઝીંકી ITI હોસ્ટેલ પાસે ફેંકી દેવાયા

## આખી રાત બેભાન રહ્યા કે કેમ? છરી ઝીંકનારા પરિચિત કે લૂંટના ઈરાદે કૃત્ય? રહસ્યમય બનાવનો ભેદ ખોલવા પોલીસની મથામણ

રાજકોટ તા.૨૩ઃ શહેરનાં પ્રહલાદ પ્લોટમાં રહેતાં અને પેલેસ રોડ પર જ્વેલર્સની દુકાન ધરાવતા સોની વેપારી પર અજાણ્યા શખ્સોએ છરી વડે હુમલો કરતાં ઈજાગ્રસ્ત હાલતમાં ભૂપેન્દ્રભાઈ આડેસરાને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.જ્યાં સારવાર હેઠળ છે.ગઈકાલ રાત્રીના ભાવનગર રોડ આઈટીઆઈ હોસ્ટેલ પાસે બનાવ બન્યો હતો. હુમલો કરનાર અજાણ્યા શખ્સોની પોલીસે શોધખોળ હાથ ધરી છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ પેલેસ રોડ પર પ્રહલાદ પ્લોટ શેરી નં-૧૦માં રહેતાં ભુપેન્દ્રભાઈ મણીલાલ આડેસરા (ઉ.વ.૫૨) નામનાં પ્રૌઢ ગઈ કાલ રાત્રીના ભાવનગર રોડ આઈટીઆઈ હોસ્ટેલ નજીક આરએમસી ઓફિસ પાસે

ઈજાગ્રસ્ત હાલતમાં પડેલ હોય જેને ૧૦૮ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.



જ્યાં સારવાર હેઠળ છે. બનાવ અંગે વધુ જાણવા મળ્યું હતું કે ભુપેન્દ્રભાઈ સોની કામ કરે છે. તેને પેલેસ રોડ પર કુબેર કોમ્પ્લેક્સમાં પોતાની જ્વેલર્સની દુકાન છે. ભૂપેન્દ્રભાઈને દોઢેક વર્ષ પહેલાં છૂટાછેડા થયેલ ગયેલ છે. અને હાલ તેઓ તેના મોટાંભાઈ ભેગા સાથે રહે છે.

ગઈકાલ રાત્રિના ભૂપેન્દ્રભાઈ ઘરે આવેલ ન હોય જેથી તેનાં મોટાં ભાઈએ ફોન કર્યો હતો. પણ ફોન બંધ આવેલ હતો. બાદ આજે સવારે પોલીસે જાણ કરતા ભૂપેન્દ્રભાઈના પરિવારજનો તુરંત દોડી ગયા હતા. અને તેને ગંભીર ઈજાઓ પહોંચેલ હોય જેથી તેને ઓપરેશન વિભાગમાં લઈ ગયેલ હોવાનું તેનાં પરિવારજનોએ જણાવ્યું હતું.

વધુમાં જાણવા મળ્યું હતું કે ભૂપેન્દ્રભાઈ સવારે સિવિલમાં દાખલ થયા ત્યારે તેને જણાવ્યુ હતું કે ગઈકાલ રાત્રિના પોતે રિક્ષામાં સિગારેટ પીવા જતો હતો ત્યારે ભાવનગર મેઈન રોડ આઈટીઆઈ હોસ્ટેલ પાસે પહોચતા ત્યાં ઉભેલ અજાણ્યા શખ્સોએ કોઈ કારણોસર ઝઘડો કરી છરી વડે હુમલો કર્યો હતો બાદ ત્યાંથી નાસી ગયા હતા.

હાલ ભૂપેન્દ્રભાઈ બેભાન હાલતમાં સારવાર હેઠળ છે. તે પાંચ ભાઈમાં ચોથા નંબરના છે અને તેને સંતાનમાં એક પુત્ર છે. ક્યાં કારણોસર હુમલો કર્યો તે દિશામાં થોરાળા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ભૂપેન્દ્રભાઈ ગઈ કાલ રાત્રીના સિગારેટ પીવા ગયા હતા ત્યારે ભાવનગર રોડ આઈટીઆઈ હોસ્ટેલ પાસે અજાણ્યા શખ્સોએ હુમલો કરી છરીના ઘા ઝીંકી નાસી ગયા હતા. બાદ તેઓ ઈજાગ્રસ્ત હાલતમાં પડેલ હતા. અને છેટ સવારે કોઈ રાહદારીની નજર પાડતાં તેને ૧૦૮ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. અને તેનાં પરિવારજનોને જાણ કરાઈ હતી. ગઈકાલ રાત્રિનાં સોની વેપારી ભુપેન્દ્રભાઈને છરી ઝીંકનાર પરિચિત કે લુંટના ઈરાદે આ કૃત્ય કર્યું, ભેદ ઉકેલવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. તેઓને સવારે ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા ત્યારે તેઓ ભાનમાં હતાં તો તેના પરિવારજનોને જાણ કેમ ન કરી?ત્યારે સવાલ એ પણ થાય કે આખી રાત ભુપેન્દ્રભાઈ બેભાન હતા કે કેમ? બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન શરૂ

ગાંધીનગર,તા.૨૩ઃ રાજ્યના ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. ગુજરાત સેકેન્ડરી એન્ડ હાયર સેકેન્ડરી એજ્યુકેશન બોર્ડે ()એ ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાને હવે ગણતરીના મહિનાઓ બાકી રહ્યા છે. અડધું સત્ર પુરૂ થઇ ગયું છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા આ વર્ષે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની પરીક્ષા દર વર્ષની સરખામણીએ વહેલી યોજાશે. સામાન્ય રીતે બોર્ડની પરીક્ષા મોટેભાગે માર્ચ મહિનામાં યોજાતી હોય છે, પરંતુ આ વખતે ફેબ્રુઆરીના અંતમાં બોર્ડની પરીક્ષા યોજાશે.

ત્યારે આજે બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના ઓનલાઈન ફોર્મ ભરવા માટે નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું છે.



જેમાં જણાવામાં આવ્યું છે કે આજથી એટલે કે ૨૨ ઓક્ટોબરથી 30 નવેમ્બર સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહની ફેબ્રુઆરી ૨૦૨૫ માં યોજાનારી બોર્ડ પરીક્ષાના ફોર્મ ઓનલાઈન ભરી શકાશે. જેના માટે બોર્ડની વેબસાઈટ લતયબ. જ્ઞવિ જઈને લોગીન કરી ભરવાના રહેશે. આ પરીક્ષા ફોર્મ નિયત કરેલી રેગ્યુલર ફી સાથે ઓનલાઈન ૨૨ ઓક્ટોબર ૨૦૨૪ થી 30 નવેમ્બર ૨૦૨૪ સુધીમાં ધોરણ-૧૦ તથા ધો. ૧૨ના તમામ પ્રકારના (નિયમિત, રિપીટર, પૃથ્થક, નિયમિત તથા રિપીટર) વિદ્યાર્થીઓ રાત્રે ૧૨ વાગ્યા સુધી ભરી શકશે. જે અંગેની જરૂરી સૂચનાઓ બોર્ડની વેબસાઈટ ઉપર મૂકવામાં આવી છે.

## દારૂની ૧૮૦ બોટલ સાથે ઘાંચીવાડનો યુવાન ઝડપાયો

રાજકોટઃ શહેરમાં દારૂની ૧૮૦ બોટલ સાથે ઘાંચીવાડનો દિલાવર ઉર્ફે ઝીણી મકરાણી ઝડપાયો હતો. એ ડિવિઝન પોલીસે વહેલી સવારે દરોડો પાડ્યો હતો. આરોપીએ પોતાના ઘરમાં દારૂની બોટલો છુપાવી રાખી હતી.પોલીસ સૂત્રોમાંથી જાણવા મળેલી વિગત મુજબ એ ડિવિઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ આજે વહેલી સવારે પેટ્રોલિંગમાં હતો ત્યારે બાતમી મળી હતી કે, જિલ્લા ગાર્ડન ચોક પાસે બાળકોના સ્મશાનની બાજુમાં નવી ઘાંચીવાડમાં રહેતા આરોપી દિલાવર ઉર્ફે ઝીણી સલીમ મકરાણી(ઉં. વ.૩૩)એ પોતાના મકાનમાં દારૂની બોટલો છુપાવી રાખી છે. બાતમી મળતા જ તુરંત એ ડિવિઝન પોલીસે સ્ટાફ સાથે દરોડો પાડ્યો હતો અને આરોપીના ઘરમાંથી નાની મોટી દારૂની ૧૮૦ બોટલ ઝડપી લીધી હતી. પોલીસે રૂ.૭૨,૮૪૦ નો મુદ્દામાલ કબજે કરી દિલાવર ઉર્ફે ઝીણી સામે એ ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો હતો. આરોપી ક્યાંથી દારૂ લાવ્યો? કોણ એને આપી ગયું? અને તે કોને દારૂ વેચતો હતો?

# હવે ૧૦૮ એમ્બ્યુલન્સ આવતા જ ટ્રાફિક સિગ્નલ થઈ જશે ગ્રીનઃ નવી સિસ્ટમ

રાજકોટ, તા.૨૩: રાજકોટ શહેરમાં કોઈ પણ ટ્રાફિક સિંગલ પર ૧૦૮ એમ્બ્યુલન્સ હવે અટવાશે નહીં. ૧૦૮ એમ્બ્યુલન્સ આવતા જ ટ્રાફિક સિગ્નલ ગ્રીન થઈ જશે. જે અંગે નવી સિસ્ટમ ડેવલપ કરાઈ છે. એમ્બ્યુલન્સના જી.પી.એસ. સાથે સ્માર્ટ સિગ્નલને જોડી આર.એમ.સી. અને ૧૦૮ની સંયુક્ત ડ્રાઈવ યોજાઈ હતી.



ઈમર્જન્સીમાં મદદરૂપ બનતી ૧૦૮ એમ્બ્યુલન્સને સ્થળ પર પહોંચવા શહેરના મુખ્ય ચોકમાં ટ્રાફિક સિગ્નલ પર લાગતો વધારાનો સમય હવે દૂર થશે. રોડ સેફટી મિટિંગમાં આ અંગે ૧૦૮ ના પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર ચેતન ગાધેએ ટ્રાફિક સિગ્નલ ૧૦૮ એમ્બ્યુલન્સ માટે ખુલી જાય તે માટે રાજકોટ મહાનગરપાલિકાના અધિકારીઓને આ અંગે વિચાર રજુ કરતા ટ્રાફિક સિગ્નલ વિભાગના અધિકારીઓ દ્વારા ટેકિન્કલ સપોર્ટ અંગે ચકાસણી કરવા જણાવ્યું હતું. આ અંગે આઈ.ટી. વિભાગમાં સ્માર્ટ સિગ્નલને જી.પી.એસ. સાથે જોડી કંટ્રોલ કરી શકાય છે, તે અંગે હકારાત્મક પ્રત્યુત્તર મળતા હવે ટૂંક સમયમાં ટ્રાયલ રન કરવામાં આવશે તેમ ચેતન ગાધેએ જણાવ્યું છે.

ટ્રાયલ રન અંગે વધુ વિગત આપતા તેઓએ કહ્યું હતું કે, સૌ પ્રથમ રૈયા ચોક તેમજ ત્રિકોણ બાગ ખાતે આ પ્રેક્ટિસ કરાશે. ૧૦૮ એમ્બ્યુલન્સ સિગ્નલના ૫૦૦ મીટરના એરિયામાં પ્રવેશતા જ સિગ્નલ ગ્રીન થઈ જશે. જેના પરિણામે ૧૦૮ ને આગળનો ટ્રાફિક ક્લિયર કરવામાં સમય બચશે અને એમ્બ્યુલન્સ મુખ્ય ચાર રસ્તા પાસે પહોંચતા જ તેને પસાર થવા માટે રાહ નહીં જોવી પડે.આ પ્રકારે વ્યવસ્થા ઉભી થતાં પીક અવર્સમાં એમ્બ્યુલન્સનો રિસ્પોન્સ ટાઇમ ૨ થી ૪ મિનિટ જેટલો ઘટી શકે. જેનો સીધો લાભ દર્દીને મળશે. આ પ્રકારે હાલ બરોડામાં આદર્શ રોડ પર આ પ્રકારે વ્યવસ્થા હોવાનું તેઓએ જણાવ્યું છે. સ્માર્ટ સિટીમાં ઈમરજન્સી સેવા માટે ઉપયોગી વાહનો માટે આ પ્રકારે વ્યવસ્થા ઉભી કરવા ખાસ ગાઈડલાઈન પણ હોય છે, ત્યારે રાજકોટ શહેરમાં મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટ સિગ્નલ સાથે ૧૦૮ સહિતની જી.પી.એસ. ધરાવતી ઈમરજન્સી સેવાને નવું બળ મળશે.

૧૦૮ ના પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર ચેતન ગાધેએ સાંજ સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું કે, ૧૦૮ આવે એટલે સિગ્નલ ગ્રીન થઈ જાય તે સિસ્ટમ દિલ્હી અને મુંબઈમાં કાર્યરત છે. ગુજરાતના અમદાવાદ અને સુરતમાં અમુક નક્કી કરેલા માર્ગો પર આ સિસ્ટમ કાર્યરત છે.

રાજકોટમાં આ સિસ્ટમનો અમલ કરવા ૬ મહિનાથી સલગ્ન વિભાગો મહેનત કરી રહ્યા હતા. હાલ રાજકોટમાં રોજ ૨૦૦થી ૨૨૫ ઈમરજન્સી કેસ ૧૦૮નેં મળે છે. જિલ્લામાં ક્યાંક પણ એવરેજ ૧૨ મિનિટમાં ૧૦૮ દર્દી પાસે પહોંચી જાય છે. દર્દીને હોસ્પિટલ ખાતે ખસેડતી વખતે ઘણા કેસમાં ૨થી ૪ મિનિટ વહેલા પહોંચેલા દર્દીને નવજીવન મળી શકે. જેથી ટ્રાફિક સિગ્નલનેં લઈ જે સમય વધશે તેનો દર્દીને ફાયદો થશે. ૧૦૮ એમ્બ્યુલન્સને ટ્રાફિક સિગ્નલ પર કોઈ રોકાણ ન કરવું પડે અને સડસડાટ નીકળવા મળે તે માટે હાલ જે ટેકનેલોજી પર કામ થઈ રહ્યું છે. તેમાં જે ટ્રાફિક સિગ્નલ અતિ વ્યસ્ત હશે તેવા સિગ્નલને એમ્બયુલન્સ બે કિલોમીટર દૂર હશે ત્યાં જ સિગ્નલને સંકેત મળી જશે. જેથી એમ્બ્યુલન્સને સિગ્નલ પર સડસડાટ નીકળી શકે.

# આયુષ્યમાન કાર્ડવાળા દર્દીઓની હેરાનગતી દુર કરવા મનપામાં ખાસ કમીટી બેસાડતી સરકાર

- **આરોગ્ય અધિકારી- ડે.કમિશ્નર અરજદારોને સાંભળશેઃ વધુ ફી લેવાતી હોય તો પણ કરી શકાશે ફરિયાદ**



રાજકોટ, તા.૨૩: રાજકોટ સહિત રાજ્યની ઘણી ખાનગી હોસ્પિટલોમાં આયુષ્યમાન કાર્ડ ધરાવતા દર્દીઓને ફ્રી સારવાર માટે દાખલ ન કરવા કે સરકાર પૂરો ખર્ચ આપતી હોવા છતાં કેટલાક ચાર્જ લેવા સહિતની ફરિયાદો અવારનવાર ઉઠતી હોય છે. જેના નિવારણ માટે રાજય સરકારે કોર્પોરેશન અને જિલ્લા પંચાયત ખાતે આરોગ્ય અધિકારીની અધ્યક્ષતામાં ગ્રીવન્સ રીડ્રેસલ કમીટીની રચના કરી છે. આવા દર્દીઓની ફરિયાદોનું દર ગુરૂવારે મહાપાલિકામાં હિયરીંગ શરૂ કરવામાં આવ્યું છે.

મહાપાલિકાના આરોગ્ય સુત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ પીએમજેવાય-મા યોજના અંતર્ગત અનેક દર્દીના ઈલાજ માટે લોકોને સરકારના ખાતે ખાનગી દવાખાનાઓમાં પણ સારી સારવાર આપવામાં આવે છે. સરકારી ઉપરાંત કોર્પોરેટ સહિતની ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓની સારવાર કરવામાં આવે છે.

અનેક જટીલ રોગોની સારવાર હવે લોકો પોતાની પસંદગીની હોસ્પિટલમાં સરકારના ખાતે કાર્ડના આધારે કરાવી શકે છે. આ માટે સરકારે હોસ્પિટલો માન્ય કરી છે. આયુષ્યમાન કાર્ડ ન હોય તો પણ હોસ્પિટલ સરકારના પોર્ટલ પર જનરેટ કરીને દર્દીની તત્કાલ સારવાર કરાવી શકે છે. હવે છેલ્લા ઘણા સમયથી ફ્રી સારવારને પાત્ર દર્દીઓ પાસેથી પણ જુદા જુદા પ્રકારના ચાર્જ આવી હોસ્પિટલ લેતી હોવાની ફરિયાદો આવે છે. રાજય સરકાર અને જિલ્લાના નોડલ ઓફિસર તપાસ કરીને આવી હોસ્પિટલોને દંડ પણ કરે છે. અનેક હોસ્પિટલ કાર્ડ પર સારવાર નહીં કરતી હોવાની ફરિયાદો પણ કરવામાં આવે છે. પરંતુ સ્થાનિક કક્ષાએ કોઇ કેન્દ્રીય વ્યવસ્થા ફરિયાદ માટે નથી.

સરકારે થોડા સમય પહેલા કોર્પો. મેડીકલ ઓફિસર અને જિલ્લા પંચાયતના મુખ્ય આરોગ્ય અધિકારીને સૂચના આપતા ગ્રીવન્સ સોલ્યુશન કમીટીની રચના કરાઇ છે. હવે દર ગુરૂવારે રાજકોટ મહાપાલિકામાં મુખ્ય આરોગ્ય અધિકારી સવારે ૧૧ વાગ્યે નિયમિત દર્દીઓની આવી ફરિયાદ સાંભળવા લાગ્યા છે.


અરજદારને સંતોષ ન થાય તો વિભાગના ઉપરી અધિકારી ડે.કમિશ્નરને પણ ફરિયાદ કરી શકે છે. આમ આવી ફરિયાદોના નિવારણ નહીં તો કમ સે કમ સાંભળવા માટેની વ્યવસ્થા તો કોર્પો.માં શરૂ થઇ ગઇ છે. તો કોર્પો.ની હદ બહારની ફરિયાદો જિલ્લા પંચાયતમાં સાંભળવામાં આવશે.


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS
GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111
KALAVID

નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper











## ડિજિટલ ભારતની સાથે

તમે પણ બનો ડિજિટલ...

**તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...**

મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ** પર

**Hi લખીને મોકલો**

**98983 17826**

અને જોડાઇ જાવ અમારી સાથે...


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઇઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા માટે આપેલ QR CODE SCAN કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71

SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

# સેફ્રાયર છે ને.. !!
# શું કામ ન મળે સપનાનું ઘર...

| 2 BHK Flats | 3 BHK Flats |
|---|---|
| 618 Carpet | 824 Carpet |

એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઈ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો
મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા

તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે
કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઇ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062